વાદ-વિવાદ માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે
દર ગુરૂવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું નીડર અને નિષ્પક્ષ સાપ્તાહિક
॥ જય અંબે ॥
PRGI No : GUGUJ/26/A7414
www.crimereportnews.info

# કેપીટલ રિપોર્ટ્સ

EDITOR : SATHWARA HITESH   HELP LINE NO. : 9624404095   CAPITAL REPORTS (GUJARATI WEEKLY)   સાપ્તાહિક

YEAR : 1 ★ Issue No. : 03 ★ DATE : 17-09-2026, Thursday ★ PAGE : 4 ★ PRICE : 4/- ★ Email : Mali:- hitu25989@gmail.com

PLACE OF PUBLICATION : 99, MAHADEV VAS-2, NEAR SHARK MARKET, NAVA BADAJ, NARANPURA BISTAR, AHMEDABAD, GUJARAT-380013.

### કેબિનેટે આપી મંજૂરી

# ૨૫ હજાર સુધી પગાર ધરાવતા લોકોને મળશે EPFO પેન્શનનો લાભ

## કેબિનેટ દ્વારા લેવાયેલા આ નિર્ણય બાદ આશરે ૫૧ લાખ વધારાના કર્મચારીઓ EPFO ના દાયરામાં આવી શકે

નવી દિલ્હી,

કેન્દ્રીય કેબિનેટે EPFO માં અનિવાર્ય સભ્યપદ માટે પગારની મર્યાદા ૧૫ હજારથી વધારીને ૨૫ હજાર પ્રતિ માસ કરવાની મંજૂરી આપી છે. આ નિર્ણય બાદ આશરે ૫૧ લાખ વધારાના કર્મચારીઓ EPFO ના દાયરામાં આવી શકે છે. એટલે કે જે કર્મચારીઓનો માસિક પગાર અત્યારે ૧૫ હજારથી વધુ હોવાના કારણે અનિવાર્ય EPFO કવરેજમાં નહોતો આવતો, તેમાંથી ૨૫ હજાર સુધી પગાર મેળવતા કર્મચારીઓ હવે આ દાયરામાં આવશે. સરકારનું કહેવું છે કે આનાથી વધુ કર્મચારીઓને નિવૃત્તિ માટે બચત અને સામાજિક સુરક્ષાનો લાભ મળશે અને દેશમાં ઔપચારિક રોજગારને પ્રોત્સાહન મળશે.

નોકરી કરતા કર્મચારીઓ માટે કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે. એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ (EPF)ની વેજ સીલિંગ મર્યાદા રૂ.૧૫,૦૦૦થી વધારીને રૂ.૨૫,૦૦૦ પ્રતિ મહિનો કરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કેબિનેટ બ્રીફિંગમાં જણાવ્યું કે આ નિયમ આવતીકાલે એટલે કે ૧૭ સપ્ટેમ્બરથી લાગુ કરવામાં આવશે. સરકારના આ નિર્ણયથી લગભગ ૫૧ લાખ કર્મચારીઓને સીધો લાભ મળશે.



આ નવા નિર્ણયથી કર્મચારીઓના PF અને પેન્શન ખાતામાં દર મહિને વધુ યોગદાન જમા થશે, જેના કારણે નિવૃત્તિ માટેનું ફંડ વધુ મજબૂત બનશે. આ યોજના લાગુ કરવા માટે સરકાર રૂ.૧૧,૩૩૯ કરોડનો વધારાનો ખર્ચ ઉઠાવશે. વેજ સીલિંગમાં વધારા બાદ હવે રૂ.૨૫,૦૦૦ સુધીની બેઝિક સેલરી ધરાવતા કર્મચારીઓ ફરજિયાત રીતે PFના દાયરામાં આવશે. જોકે, PFમાં વધુ કપાત થવાને કારણે કર્મચારીઓના હાથમાં આવતી સેલરીમાં થોડો ફેરફાર થઈ શકે છે. પરંતુ લાંબા ગાળે તેમનું ભવિષ્ય વધુ સુરક્ષિત બનશે. આ પહેલાં વર્ષ ૨૦૧૪માં EPFની વેજ સીલિંગ રૂ.૬,૫૦૦થી વધારીને રૂ.૧૫,૦૦૦ કરવામાં આવી હતી.

સરકારનું કહેવું છે કે વર્ષો દરમિયાન પગાર અને વ્યક્તિગત આવકમાં વધારો થયો હોવાથી, વર્તમાન વેતન સ્તરને અનુરૂપ EPFOની મર્યાદામાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી મોટી સંખ્યામાં નોકરી કરતા લોકોને સામાજિક સુરક્ષાના દાયરામાં લાવવામાં મદદ મળશે. સરકારના મતે, આનાથી કર્મચારીઓને નિવૃત્તિ બાદની વધુ સારી લાંબા ગાળાની સુરક્ષા મળશે અને ઔપચારિક રોજગારને વેગ મળશે. આ યોજના માટે સરકારનો અંદાજિત વધારાનો વાર્ષિક ખર્ચ લગભગ રૂ.૧૧,૩૩૯ કરોડ છે.

# ’હું ઔડાનો ડિરેક્ટર છું... કહીને ઠગે પ્રધાનમંત્રી આવાસના નામે ગરીબોના ૧૯.૬૦ લાખ પડાવ્યા

અમદાવાદમાં નકલી સરકારી અધિકારી બની છેતરપિંડીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. વસ્ત્રાપુરમાં રાજેશસિંહ રાઠોડે ઔડાના બોર્ડ ઓફ ડિરેક્ટર તરીકે ખોટી ઓળખ આપી, જયશ્રીબેન શર્મા અને અન્યને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાની લાલચ આપી કુલ ૧૯.૬૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરી. ચેક રિટર્ન થતાં અને રાજેશસિંહનો ભાંડો ફૂટતાં, ભોગ બનનારાઓએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં નકલી સરકારી કર્મચારીઓ બનીને લોકો સાથે છેતરપિંડી થતી હોવાની ઘટના સામે આવતી રહે છે. એવામાં વધુ એક ઘટના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાઈ છે. જેમાં રાજેશસિંહ રાઠોડ નામના શખ્સે પોતાની ખોટી ઓળખ ઔડાના બોર્ડ ઓફ ડિરેક્ટર તરીકે આપીને જયશ્રીબેન શર્મા અને તેમના ગ્રુપને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાની લાલચ આપી કુલ રૂપિયા ૧૯.૬૦ લાખની છેતરપિંડી કરી હતી. રૂપિયા લીધા બાદ મકાન ન મળતાં લોકોએ ઉઘરાણી કરી હતી. જે બાદ આરોપીએ આપેલા ચેક પણ બેંકમાંથી રિટર્ન થયા હતા. અંતે આરોપી ઔડામાં કોઈ જ હોદ્દો ધરાવતો ન હોવાનો ભાંડો ફૂટતાં ભોગ બનનારાઓએ તેની સામે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. નવેમ્બર ૨૦૨૫માં ફરિયાદી જયશ્રીબેન શર્મા અને તેમના ગ્રુપના અન્ય સભ્યોને રાજેશસિંહ ઉર્ફે રાજભા બાબુસિંહ રાઠોડ નામના વ્યક્તિએ પોતે ઔડાના બોર્ડ ઓફ ડિરેક્ટર હોવાની ખોટી ઓળખ આપી હતી. તેણે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઔડામાં તાત્કાલિક મકાન અપાવવાની લાલચ આપી હતી. તેણે કહ્યું હતું કે, હું પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનના ફોર્મ ભરીને ચોક્કસ મકાન લગાડી આપું છું હું ઔડાનો બોર્ડ ઓફ ડિરેક્ટર છું,જો તમારે ઔડામાં મકાન જોઈતુ હોય તો કહેજો. હું તમને ઔડામાં તાત્કાલિક મકાન લગાડી આપીશ. ઔડાનું મકાન લેવા માટે પહેલા રૂપિયા આપવા પડશે પછી લોન કરાવી દઈશ.

આ પછી મકાન માટે એડવાન્સ રકમ માંગી હતી. જયશ્રીબેને નવેમ્બર ૨૦૨૫ના રોજ ઓનલાઈન અને રોકડા એમ કૂલ ૧,૬૦,૦૦૦ રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ તેમના ગ્રુપના અન્ય સભ્યો અંકિતભાઈ, વિશાલભાઈ, મનીષાબા, વિક્રમભાઈ, પ્રફુલ્લાબેન, આશિષનાબેન અને યોગેશભાઈએ પણ રોકડ અને બેંક ટ્રાન્સફર દ્વારા રૂપિયા આપ્યા હતા. આમ, આરોપીએ મકાન અપાવવાના બહાને આ તમામ લોકો પાસેથી કુલ રૂપિયા ૧૯,૬૦,૦૦૦ની રૂપિયા પડાવી લીધા હતા. રૂપિયા લીધા બાદ મકાન ના મળતા અને આરોપી દ્વારા સતત ગોળ-ગોળ જવાબો આપતો હતો. ફરિયાદી અને તેમના ગ્રુપે પોતાના રૂપિયા પાછા માંગ્યા હતા. જેના જવાબમાં આરોપીએ જુલાઈ ૨૦૨૬ના રોજ નોટરી સમક્ષ સમજૂતી કરાર કરી એક મહિનામાં રૂપિયા પાછા આપવાની બાંહેધરી આપી હતી અને બેંકના ચેક આપ્યા હતા.

જોકે, સમય મર્યાદા પૂરી થયા બાદ આ ચેક બેંકમાં જમા કરાવતા તે રિટર્ન થયા હતા. આ બાબતે વધુ તપાસ કરતા જાણવા મળ્યું કે રાજેશ રાઠોડ ઔડામાં કોઈ ડિરેક્ટર નથી કે ત્યાં કોઈ નોકરી પણ કરતો નથી. આ રીતે પોતાની સાથે છેતરપિંડી થયાની જાણ થયા બાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે તેમણે ફરિયાદ નોંધાવી હતી.

## જન્મદિવસ મુબારક



માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્ર મોદી સાહેબને
કેપીટલ રિપોર્ટર
સાપ્તાહિક પરિવાર
જન્મ દિવસની હાર્દિક
શુભકામનાઓ પાઠવે છે.

શુભેચ્છક

હિતેશ સથવારા - તંત્રીશ્રી કેપીટલ રિપોર્ટ

### ઘાટલોડિયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

# કેનેડાની ૫ ટિકિટ બૂક કરી ૩ ટિકિટ કેન્સલ કરી રિફંડના ૧.૮૭ લાખની છેતરપિંડી

## દીકરીને કેનેડા જવાનું હોવાથી પિતાએ ફેસબુકમાં આવેલી જાહેરાત જોઈને તેમાં આપેલા નંબર પર મેસેજ કર્યો હતો

અમદાવાદ,

ઘાટલોડિયામાં રહેતા નિવૃત્ત પ્રોફેસર સાથે છેતરપિંડી થઈ છે. તેમણે ફેસબુક પર જાયેલી જાહેરાત પરથી એક વ્યક્તિને ફોન કરીને કેનેડાની સસ્તા ભાવમાં પાંચ ટિકિટ બૂક કરાવીને ૩.૧૭ લાખનું પેમેન્ટ કર્યું હતું. જ્યારે બોર્ડિંગ પાસ ન આવ્યો ત્યારે વૃદ્ધને શંકા જતા તેમણે તપાસ કરી ત્યારે ગઠિયાએ જાણ કર્યા વગર જ ત્રણ ટિકિટ કેન્સલ કરાવીને ૧.૮૭ લાખ પોતે મેળવીને છેતરપિંડી આચરી હતી. આ મામલે ઘાટલોડિયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મેમનગરમાં રહેતા અમૃતભાઈ પટેલ ત્રણેક વર્ષ પહેલા લાલ દરવાજાની સિટી કોલેજમાંથી પ્રોફેસર તરીકે નિવૃત થયા હતા. તેમનો પુત્ર કેનેડામાં સિટિઝન હોવાથી પત્ની અને એક પુત્રી સાતેક માસ પહેલા જ કેનેડા ગયા હતા. અમૃતભાઈ અને તેમની દીકરીને પણ કેનેડા જવાનું હોવાથી તેમણે ફેસબુકમાં આવેલી જાહેરાત જોઈને તેમાં આપેલા નંબર પર મેસેજ કર્યો હતો. વાત કરનાર ગઠિયાએ ફલાઈટની ટિકિટ ડિસ્કાઉન્ટ સાથે કરી આપવાનું કહીને એક ટિકિટનો ૬૦ હજાર ભાવ જણાવ્યો હતો. જેથી અમૃતભાઈએ ૬૦ હજારમાં એક ટિકિટ બૂક કરાવી હતી. જે બાદ પોતાની અને તેમના ભાઈની એમ કુલ ૫ ટિકિટ કરાવીને રૂ. ૩.૧૭ લાખ ચૂકવ્યા હતા. જે દિવસે ફલાઈટ હતી તેના આગલા દિવસ સુધી બોર્ડિંગ પાસ ન આવતા તેમને શંકા ગઈ હતી. તપાસ કરતા ગઠિયાએ ત્રણ ટિકિટ કેન્સલ કરીને રૂ. ૧.૮૭ લાખનું રિફંડ મેળવીને ઠગાઈ આચર્યાની હકીકત ખૂલી હતી.

# અમદાવાદના નારોલમાં નંબર પ્લેટ વગરની કારમાંથી રૂા. ૨૧.૧૫ લાખની કિંમતની નશાકારક કફ સિરપ ઝડપાઈ



અમદાવાદ

અમદાવાદના નારોલ ચાર રસ્તા પાસેથી પોલીસે નંબર પ્લેટ વગરની શંકાસ્પદ કારમાંથી ગેરકાયદેસર કોડીન ફોસ્ફેટ યુક્ત કફ સિરપની ૧૭૯૮ બોટલ જપ્ત કરી છે. પોલીસે દાણીલીમડાના ૨ આરોપીઓની ધરપકડ કરી, રૂ. ૨૧.૧૫ લાખનો જથ્થો કબજે કર્યો. આ નશાકારક જથ્થો જુહાપુરાના એક વ્યક્તિએ આપ્યો હોવાનું સામે આવતા, પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નારોલ ચાર રસ્તા પાસે આવેલા સ્વામીનારાયણ બિઝનેસ પાર્ક નજીકથી નંબર પ્લેટ વગરની શંકાસ્પદ કારમાંથી ગેરકાયદે કોડીન ફોસ્ફેટ યુક્ત નશાકારક કફ સિરપની ૧૭૯૮ પકડી છે. પોલીસે આ સિરપનો જથ્થો લઈ જનાર દાણીલીમડાના બે આરોપીઓની ધરપકડ કરી રૂ. ૨૧.૧૫ લાખની કફ સિરપ જપ્ત કરી છે. આ નશાકારક જથ્થો જુહાપુરાના વ્યક્તિએ આપ્યો હોવાનું સામે આપતા પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

નારોલ પોલીસે બાતમી મળી હતી કે, નંબર પ્લેટ વગરની એક કાળા કલરની કારમાં નશાયુક્ત કફ સિરપનો જથ્થો ભરીને નારોલ ચાર રસ્તા સર્વિસ રોડ પર કોટક મહિન્દ્રા બેંકવાળી ગલીમાં નવી બનતી કન્સ્ટ્રક્શન સાઈટ પાસે સગેવગે કરવાની પેરવી ચાલી રહી છે. આ બાતમીના આધારે વોચ ગોઠવી દરોડો પાડ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે સ્કોર્પિયો કારને કોર્ડન કરી તપાસ કરતા અંદર બેઠેલા નવાઝહુસેન મુકદસહુસેન શેખ (ઉં.વ. ૨૩, રહે. ઈંડાવાળી ગલી, બેરલ માર્કેટ, દાણીલીમડા) અને સરવરખાન બિસ્મીલ્લાહખાન પઠાણ (ઉં.વ. ૨૬, રહે. અલ્લાહનગર, દાણીલીમડા) મળી આવ્યા હતા. ૨ની વચ્ચેની સીટમાંથી 'TO CHANGODAR, C/NEE ASHAPURA MEDICAL STORE' માર્કિંગવાળા ૧૮ પૂંઠાના બોક્સ મળ્યા હતા. બોક્સ ખોલતાં તેમાંથી ૧૦૦ મિલીની 'CADIFOS-T' બ્રાન્ડની ૧૭૯૮ સીલબંધ બોટલો મળી આવી હતી. આરોપીઓ પાસે આ જથ્થો રાખવા અંગેનું કોઈ કાયદેસર લાયસન્સ નહોતું. પ્રાથમિક તપાસમાં આ પ્રવાહીમાં એનડીપીએસ એક્ટ હેઠળ આવતું પ્રતિબંધિત ’કોડીન ફોસ્ફેટ’ હોવાની પુષ્ટિ થઈ હતી.

ઝડપાયેલા નવાઝહુસેન શેખની પૂછપરછમાં કબૂલાત કરી હતી કે આ કફ સિરપનો જથ્થો તેના મિત્ર મોઈન સૈયદ (રહે. જુહાપુરા, અમદાવાદ) પાસેથી પોર્ટર મારફતે મંગાવ્યો હતો અને તેઓ તેનો છૂટકમાં વેપાર કરતા હતા. કાર તે તેના મિત્ર મુસીબ પાસેથી ફરવા જવાના બહાને લાવ્યો હતો. આ મામલે નારોલ પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

**ચાંગોદરના મેડિકલ સ્ટોરના નામે પાર્સલ મંગાવ્યું હતું**

કારમાંથી જપ્ત કરાયેલા પૂંઠાના બોક્સ પર ટ્રાન્સપોર્ટની પેકિંગ સ્લિપ લાગેલી હતી, જેના પર 'TO CHANGODAR, C/NEE ASHAPURA MEDICAL STORE' લખેલું હતું. આરોપીઓએ મેડિકલ એજન્સીના બોગસ કે સાચા નામે આ નશાકારક દવાઓ ટ્રાન્સપોર્ટ મારફતે ઉત્તરાખંડના હરિદ્વારથી અમદાવાદ મંગાવી હોવાની શક્યતાના આધારે પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.





**હાલ ચાલી રહેલા ગણેશ મહોત્સવ-૨૦૨૬માં સતત આઠમા વર્ષ અશોક કુમાર ચીમનલાલ શાહ પરિવાર દ્વારા પોતાના નિવાસસ્થાને ગણપતિ ભગવાનને બિરાજમાન કરી સૌ ફેમીલી મેમ્બરો ગણપતિ ભગવાનની પૂજા, અર્ચના તથા આરાધના કરતા નજરે પડી રહ્યા છે. શ્રી ગણેશ ભગવાન આ પરિવાર પર ખૂબ દયા, પ્રેમ અને આશીર્વાદ વરસાવી સૌનું કલ્યાણ કરે તેવી કેપીટલ રિપોર્ટ (સાપ્તાહિક) સમાચારપત્ર તરફથી શ્રી ગણેશ ભગવાનને પ્રાર્થના....**



## તંત્રીલેખ...

### "વિકાસની દોડમાં ક્યાંક આપણે માણસને તો નથી ભૂલી રહ્યા?"

આજનો યુગ ઝડપથી બદલાઈ રહ્યો છે. શહેરોમાં નવા રસ્તા બની રહ્યા છે, ઊંચી ઈમારતો ઊભી થઈ રહી છે, ટેક્નોલોજી જીવનને સરળ બનાવી રહી છે અને વિકાસની નવી નવી યોજનાઓ આવી રહી છે. પરંતુ આ વિકાસની દોડ વચ્ચે એક સવાલ પણ ઊભો થાય છે—શું વિકાસનો સાચો લાભ સામાન્ય માણસ સુધી પહોંચી રહ્યો છે?

વિકાસ માત્ર સિમેન્ટ, રસ્તા અને બિલ્ડિંગ નું નામ નથી. સાચો વિકાસ ત્યારે કહેવાય જ્યારે સામાન્ય નાગરિકને સુરક્ષિત રસ્તા, સ્વચ્છ પાણી, સારી આરોગ્ય સેવા, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સ્વચ્છ વાતાવરણ મળે.

એક તરફ શહેર આધુનિક બની રહ્યું છે, તો બીજી તરફ ટ્રાફિક, પ્રદૂષણ, કચરો, પાણી ભરાવાની સમસ્યા અને જાહેર સુવિધાઓની અછત જેવા પ્રશ્નો હજુ પણ જોવા મળે છે. વિકાસના પ્રોજેક્ટ બનાવતી વખતે સામાન્ય નાગરિકની સુવિધા અને પર્યાવરણને કેન્દ્રમાં રાખવાની જરૂર છે.

આપણે વિકાસના વિરોધી નથી. પરંતુ વિકાસ એવો હોવો જોઈએ કે જેમાં પ્રગતિ પણ થાય અને પ્રકૃતિ પણ બચે, સુવિધા પણ વધે અને સામાન્ય માણસનું જીવન પણ સરળ બને.

તંત્રની જવાબદારી છે કે યોજનાઓ માત્ર કાગળ પર નહીં, પરંતુ જમીન પર પણ અસરકારક રીતે અમલમાં આવે. સાથે સાથે નાગરિકોની પણ ફરજ છે કે તેઓ જાહેર સંપત્તિનું રક્ષણ કરે અને પોતાની જવાબદારી નિભાવે.

આજનો સવાલ માત્ર "વિકાસ કેટલો થયો?" એવો નથીપ

પરંતુ "વિકાસથી સામાન્ય માણસનું જીવન કેટલું સુધર્યું?" એ પણ છે.

વિકાસ જોઈએ, પરંતુ જવાબદારી સાથે.

પ્રગતિ જોઈએ, પરંતુ પ્રકૃતિ સાથે.

અને સૌથી મહત્વનું—વિકાસમાં માણસ કેન્દ્રમાં હોવો જોઈએ.

તંત્રી- કેપિટલ રિપોર્ટ્સ

### આરોપી અગાઉ પણ ગુનાઓમાં સંડોવાયેલો હતો

# મહાઠગ મહેબુબહુસેન શેખના ૫ દિવસના રિમાન્ડ મંજૂર

## ફરિયાદી સિવાય અન્ય કેટલા લોકોને કોર્પોરેશન અથવા AUDAના નામે મકાન આપવાની લાલચ આપીને છેતરવામાં આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૧૬

શહેરમાં કોર્પોરેશન અને AUDAના નામે બનાવટી દસ્તાવેજો તૈયાર કરી મકાન અપાવવાની લાલચ આપી લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરનાર આરોપી મહેબુબહુસેન ઉર્ફે બાબુભાઈ અસગરહુસેન શેખને વાસણા પોલીસે ઝડપી પાડ્યો છે. વાસણા પોલીસે આરોપીને મેટ્રોપોલિટન કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેના પાંચ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

વાસણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાની તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આરોપી સામે અમદાવાદ શહેરના અન્ય પોલીસ સ્ટેશનો જેવા કે કાગડાપીઠ, વાડજ, શાહીબાગ અને એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં પણ આવા જ પ્રકારના કુલ સાત ગુનાઓ નોંધાયેલા છે. આરોપી વિરુદ્ધ ફરિયાદી અને સાક્ષીઓ સાથે છેતરપિંડી તેમજ વિશ્વાસઘાત કરી કુલ રૂ.૭ લાખ ૧૮ હજારની રકમ મેળવવાનો આરોપ છે, જે રકમ હજુ સુધી કબજે કરવામાં આવી નથી.

કોર્ટમાં સરકારી વકીલ પ્રજ્ઞાબહેન પ્રજાપતિએ રજૂઆત કરી હતી કે આરોપી પાસેથી AMCની ફાઈલો, પઝેશન લેટર, AUDAના લેટરપેડ, SBI બેન્કની સ્લિપો અને AMCની પહોંચ મળી આવી છે. આ બનાવટી દસ્તાવેજો આરોપીએ કઈ રીતે અને ક્યાંથી મેળવ્યા તેની ઊંડાણપૂર્વક તપાસ કરવી અત્યંત જરૂરી છે, જેથી ઠગાઈના આ મોટા નેટવર્કનો ખુલાસો થઈ શકે.

આ ઉપરાંત આરોપી સાથે અન્ય કોઈ વ્યક્તિ કે ગેંગ સંડોવાયેલી છે કે કેમ અને તેને આ કૌભાંડમાં કોણે મદદ કરી છે તે અંગે પણ પોલીસે તપાસ હાથ ધરવાની છે. આરોપીએ ફરિયાદી અને સાક્ષીઓ પાસેથી ઓનલાઈન પેમેન્ટ પણ મેળવ્યા હોવાથી તેના બેંક ખાતાઓ અને ટેકનિકલ વ્યવહારોની વિગતવાર તપાસ કરવામાં આવશે.

પોલીસ તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આરોપી અગાઉ પણ આવા જ પ્રકારના ગુનાઓમાં સંડોવાયેલો હતો. ફરિયાદી સિવાય અન્ય કેટલા લોકોને કોર્પોરેશન અથવા AUDAના નામે મકાન આપવાની લાલચ આપીને છેતરવામાં આવ્યા છે, તે તમામ પીડિતોની વિગતો મેળવવા માટે પોલીસ હાલ તપાસ ચલાવી રહી છે. તમામ રજૂઆતો ધ્યાને લીધા બાદ મેટ્રોપોલિટન કોર્ટના અરજન્ટ કોર્ટના જજ એન.એન. રાવલે આરોપી મહેબુબહુસેન ઉર્ફે બાબુભાઈ શેખને પાંચ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો છે. હવે રિમાન્ડ દરમિયાન વાસણા પોલીસ ઠગાઈની રકમ રિકવર કરવા, બનાવટી દસ્તાવેજોના સ્રોત શોધવા અને અન્ય સંભવિત આરોપીઓ અંગે વધુ તપાસ ચલાવશે.

# ભાદરવી પૂનમના મેળાને લઈ અંબાજી મંદિરમાં દર્શનના સમયમાં વધારો

## રાત્રે ૯.૦૦ વાગ્યે મંગળ થતું મંદિર હવે મધ્યરાત્રિના ૧૨.૦૦ વાગ્યા સુધી ભક્તો માટે ખુલ્લું રાખવામાં આવશે



અંબાજી,

શક્તિપીઠ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. આગામી ૨૦ સપ્ટેમ્બરથી ૨૬ સપ્ટેમ્બર સુધી આયોજિત આ ૭ દિવસીય મેળામાં દેશ-વિદેશમાંથી લાખો પદયાત્રીઓ અને શ્રદ્ધાળુઓ માતાજીના દર્શનાર્થે ઉમટી પડશે. આ શ્રદ્ધાળુઓ શાંતિપૂર્ણ અને સરળતાથી દર્શનનો લાભ મેળવી શકે તે માટે મંદિર ટ્રસ્ટ દ્વારા દર્શન અને આરતીના સમયમાં મહત્વપૂર્ણ ફેરફાર સાથે દર્શનના સમયમાં વધારો કરવામાં આવ્યો છે.

લાખો ભક્તોની ભીડને ધ્યાનમાં રાખીને અંબાજી મંદિર ટ્રસ્ટે સવારની આરતી અને રાત્રિના દર્શનના સમય લંબાવ્યા છે. હવેથી સામાન્ય દિવસોમાં સવારે ૭.૩૦ કલાકે થતી આરતી મેળાના સાતેય દિવસ સવારે ૬.૦૦ વાગ્યાથી થશે. તેમજ બપોર બાદ ૪.૩૦ કલાક સુધી ખુલ્લું રહેતું મંદિર હવે ૫.૦૦ વાગ્યા સુધી દર્શન માટે ખુલ્લું રહેશે. આ ઉપરાંત, રાત્રે ૯.૦૦ વાગ્યે મંગળ થતું મંદિર હવે મધ્યરાત્રિના ૧૨.૦૦ વાગ્યા સુધી ભક્તો માટે ખુલ્લું રાખવામાં આવશે.

યાત્રિકોના ભારે ઘસારાને કારણે દર્શન વ્યવસ્થામાં કોઈ વિક્ષેપ ન પડે તે માટે મંદિર ટ્રસ્ટ દ્વારા અન્ય બે મહત્ત્વના નિર્ણયો પણ લેવાયા છે. મેળા દરમિયાન મંદિરના ચાચરચોકમાં આવેલી યજ્ઞશાળામાં કોઈપણ પ્રકારના હોમ-હવન કરી શકાશે નહીં, તથા માતાજીને ધરાવવામાં આવતા અન્નકૂટ પણ આ ૭ દિવસ દરમિયાન ધરાવી શકાશે નહીં.

સમય વિગત

સવારે ૬:૦૦ થી ૬:૩૦

સવારની આરતી

સવારે ૬:૩૦ થી ૧૧:૩૦

દર્શન ચાલુ રહેશે

બપોરે ૧૧:૩૦ થી ૧૨:૩૦

મંદિર બંધ (મંગળ) રહેશે

બપોરે ૧૨:૩૦ થી સાંજે ૫:૦૦

દર્શન ચાલુ રહેશે

સાંજે ૫:૦૦ થી ૭:૦૦

મંદિર બંધ (મંગળ) રહેશે

સાંજે ૭:૦૦ થી ૭:૩૦

સંધ્યા આરતી

સાંજે ૭:૩૦ થી રાત્રિના ૧૨:૦૦

દર્શનાર્થીઓ માટે મંદિર ખુલ્લું રહેશે

મેળા સંદર્ભે અંબાજી મંદિરના અધિક કલેક્ટર અને વહીવટદાર કૌશિક મોદી જણાવે છે કે, મેળામાં આવતા લાખો પદયાત્રીઓને સુગમતાથી દર્શન થાય તે માટે આરતી અને દર્શનના સમયમાં વધારો કરવામાં આવ્યો છે તથા ભીડ નિયંત્રણ અને યાત્રિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને હોમ-હવન અને અન્નકૂટ સેવાઓ મેળા દરમિયાન સ્થગિત રાખવાનો નિર્ણય લેવાયો છે.

# મહેસાણાના નિવૃત્ત ક્લાર્કના ખાતામાંથી યુપીઆઈ દ્વારા ૩.૯૯ લાખ સેરવી લેવાયા

મહેસાણા,

નર્મદા નિગમમાંથી તાજેતરમાં નિવૃત્ત થયેલા એક સિનિયર સિટિઝનના બેંક ખાતામાંથી અજાણ્યા સાયબર ગઠિયાઓએ કોઈપણ જાતની જાણ કે સહમતી વગર અલગ-અલગ UPI ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.૩.૯૯ લાખથી વધુની રકમ સેરવી લેતાં સાંથલ પોલીસે છેતરપિંડી અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મહેસાણાના રાધનપુર રોડ પર ધરતી હાર્મોની ફ્લેટમાં રહેતા અને નર્મદા નિગમમાંથી જુનિયર ક્લાર્ક તરીકે નિવૃત્ત થયેલા ૫૮ વર્ષીય શક્તિદાન પ્રતાપજી ગઢવીનું જોટાણા ખાતે આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં બચત ખાતું છે. નિવૃત્તિ પેટે તેમને મળેલા ભંડોળમાંથી રૂ.૧૦ લાખ તેમણે આ ખાતામાં જમા કરાવ્યા હતા.

ગત તા. ૨ સપ્ટેમ્બરે રાત્રિના સમયે તેઓ ઘરે હાજર હતા ત્યારે તેમના મોબાઈલ ફોન પર ઉપરાઉપરી બેંકમાંથી પૈસા કપાયાના મેસેજ આવવા લાગ્યા હતા. જો કે, રાત્રિના સમયે મેસેજ ન જોતાં અને બેંક બંધ હોવાથી તેઓ સવારે જોટાણા ખાતે બેંકની શાખામાં દોડી ગયા હતા. ત્યાં પહોંચીને તપાસ કરતાં ખાતામાંથી વધુ રૂ.૮૦ હજાર જેટલી રકમ કપાઈ ચૂકી હતી. બેંક મેનેજરે તપાસ કરીને જણાવ્યું કે, તેમના ખાતામાંથી સાયબર ળોડ કરીને કુલ રૂ.૩,૯૯,૬૪૭.૨૯ ઉપાડી લેવાયા છે. બેંક સ્ટેટમેન્ટની વિગતો તપાસતાં સામે આવ્યું હતું કે, ૨ સપ્ટેમ્બરની રાત્રિથી ૩ સપ્ટેમ્બરની સવાર સુધીમાં અલગ-અલગ ૧૧ જેટલા UPI આઈડી દ્વારા આ રકમ સેરવી લેવામાં આવી હતી. શક્તિદાને તરત પોતાનું ખાતું બ્લોક કરાવી સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી.

### ગુજરાતમાં મહેસૂલ વિભાગનો મહત્વપૂર્ણ નિર્ણય

# ૧૩ અધિકારીઓની પ્રાંત ઓફિસર અને SDM તરીકે નિમણૂક કરાઈ

## ૧૩ તાલીમાર્થી અધિકારીઓને તાલુકા કક્ષાએ સ્વતંત્ર પ્રાંત ઓફિસર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ તરીકે નિમણૂક

ગાંધીનગર,

ગુજરાતમાં વહીવટી તંત્રમાં ગત મોડી રાત્રે વધુ એક મહત્વનો ઓર્ડર કરવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (GAS) જુનિયર સ્કેલની ૨૦૨૪ બેચના ૧૩ પ્રોબેશનર અધિકારીઓને તાલુકા તથા સબ-ડિવિઝન કક્ષાએ પ્રાંત અધિકારી અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (SDM) તરીકે સ્વતંત્ર હવાલો સોંપ્યો છે. આ નિમણૂક તાલીમ કાર્યક્રમના ભાગરૂપે કરવામાં આવી છે અને અધિકારીઓને ૨૬ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી સંબંધિત તાલુકા/સબ-ડિવિઝનનો હવાલો સંભાળવાનો રહેશે. સરકારના આદેશ અનુસાર, નીચે મુજબના અધિકારીઓને જે-તે જિલ્લા અને તાલુકાની જવાબદારી સોંપાઈ છે:

અક્ષર રામેશભાઈ થુમ્મર: કચ્છ જિલ્લો (લખપત અને નખત્રાણા)

સૃષ્ટિ મયંક શાહ: ખેડા જિલ્લો (ખેડા તાલુકો)

કલ્પેશકુમાર બલદેવભાઈ ગાલિયા: ભરૂચ જિલ્લો (હાંસોટ અને અંકલેશ્વર)

તાપસી અજિત વાઘેલા: બોટાદ જિલ્લો (ગઢડા અને બોટાદ)

રાજેન્દ્ર જોતારમભાઈ પટેલ: સાબરકાંઠા જિલ્લો (તલોદ અને પ્રાંતિજ)

સંદીપસિંહ પ્રદિપસિંહ ઝાલા: છોટાઉદેપુર જિલ્લો (કવાંટ અને છોટાઉદેપુર)

શુભમ સિંઘ રામુસિંઘ રાઠોડ: તાપી જિલ્લો (કુકરમુંડા અને નિઝર)

પ્રશાંત ગંભીરદાન ગોરૈયાવાળા: રાજકોટ જિલ્લો (જામકંડોરણા અને ધોરાજી)

આયુષી દિલીપકુમાર પટેલ: ગાંધીનગર જિલ્લો (દહેગામ)

મૌસમબીન પરેશકુમાર પટેલ: સુરત જિલ્લો (મહુવા અને બારડોલી)

યોગેશ નંદલાલભાઈ બરાડ: જામનગર જિલ્લો (જામજોધપુર અને લાલપુર)

ધ્રુવ કાંતિભાઈ ડામોર: બનાસકાંઠા જિલ્લો (અમીરગઢ અને દાંતા)

હિમાંશુ ભરતભાઈ ડામોર: દાહોદ જિલ્લો (ગરબાડા અને દાહોદ) નોંધનીય છે કે રાજ્ય સરકારના આ કદમથી સ્થાનિક કક્ષાએ વહીવટી કામગીરીને નવો વેગ મળશે. યુવા અધિકારીઓની સીધી નિમણૂકથી મહેસૂલી પ્રશ્નોનો ઝડપી નિકાલ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી અને સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણમાં નોંધપાત્ર સુધારો થવાની અપેક્ષા છે. આ તાલીમ અને સ્વતંત્ર કામગીરીનો સમયગાળો ભવિષ્યના વહીવટી નેતૃત્વ માટે એક મજબૂત પાયો પૂરો પાડશે. ઓર્ડર ગુજરાતના રાજ્યપાલના નામે અને તેમના આદેશથી મહેસૂલ વિભાગના અંડર સેક્રેટરી (સર્વિસિસ) રુત્વિજ સોનાગરા દ્વારા કરવામાં આવ્યો છે.

# વિરમગામ રેલવે સ્ટેશને બે ટ્રેનોમાંથી ૩૫ કિલો ગાંજો ઝડપાયો : ૧૭ લાખનો મુદ્દામાલ જપ્ત



અમદાવાદ રેલવે SOGએ વિરમગામ રેલવે સ્ટેશને ૨ ટ્રેનમાંથી કુલ ૩૫.૮૬૨ કિલો ગાંજો ઝડપ્યો છે. શાલીમાર-ભુજ અને શાલીમાર-પોરબંદર એક્સપ્રેસમાં તપાસ કરતા રૂ. ૧૭.૯૩ લાખનો મુદ્દામાલ મળ્યો. રેલવે માર્ગે નશીલા પદાર્થોની હેરાફેરી રોકવા પોલીસે અજાણ્યા શખસો સામે દ્રહ્ઁજી એક્ટ હેઠળ કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ રેલવે પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ SOGદ્વારા વિરમગામ રેલવે સ્ટેશન પર તપાસ દરમિયાન બે અલગ-અલગ ટ્રેનમાંથી ગાંજો ઝડપી પાડવામાં આવ્યો છે. શાલીમાર-ભુજ એક્સપ્રેસ અને શાલીમાર-પોરબંદર એક્સપ્રેસમાં તપાસ દરમિયાન કુલ ૩૫.૮૬૨ કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે બંને કેસમાં કુલ ૧૭.૯૩ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી NDPS એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

**શાલીમાર-ભુજ એક્સપ્રેસમાંથી ૩૧.૯૭૦ કિલો ગાંજો**

અમદાવાદ રેલવે પોલીસની SOGટીમે ટ્રેન નંબર ૨૨૮૩૦ શાલીમાર-ભુજ એક્સપ્રેસમાં તપાસ હાથ ધરી હતી. વિરમગામ રેલવે સ્ટેશન ખાતે કરવામાં આવેલી તપાસ દરમિયાન ૩૧.૯૭૦ કિલો ગાંજો મળી આવ્યો હતો. જપ્ત કરાયેલા ગાંજાની કુલ કિંમત ૧૫,૯૮,૫૦૦ રૂપિયા હોવાનું જાણવા મળ્યું છે.


**શાલીમાર-પોરબંદર એક્સપ્રેસ માંથી ૩.૮૯૨ કિલો ગાંજો**

બીજા કેસમાં SOGની ટીમે ટ્રેન નંબર ૧૨૯૦૬ શાલીમાર-પોરબંદર એક્સપ્રેસમાં તપાસ કરી હતી. વિરમગામ સ્ટેશન ખાતે તપાસ દરમિયાન ૩.૮૯૨ કિલો ગાંજો મળી આવ્યો હતો. તેની અંદાજિત કિંમત ૧,૯૪,૬૦૦ રૂપિયા હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે. આ બંને કેસમાં પોલીસ NDPS એક્ટ મુજબ અજાણ્યા શખસો સામે ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**બે કેસમાં કુલ ૩૫.૮૬૨ કિલો ગાંજો જપ્ત**

અમદાવાદ રેલવે પોલીસની SOG દ્વારા વિરમગામ સ્ટેશન પર કરવામાં આવેલી બંને કાર્યવાહીમાં કુલ ૩૫.૮૬૨ કિલો ગાંજો અને ૧૭,૯૩,૧૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. રેલવે માર્ગે નશીલા પદાર્થોની હેરાફેરી અટકાવવા માટે SOG દ્વારા ટ્રેનો અને સ્ટેશનો પર તપાસ વધુ સઘન બનાવવામાં આવી રહી છે. બંને કેસમાં ગાંજો કોના દ્વારા અને ક્યાંથી લાવવામાં આવ્યો હતો તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# SVP હોસ્પિટલમાં ચેરમેનના રાત્રિ રાઉન્ડ સામે સવાલો: સફાઈ મુદ્દે કાર્યવાહી





અમદાવાદની SVP હોસ્પિટલમાં ચેરમેન ડૉ. ચાંદની પટેલે રાત્રે ૯ વાગ્યા આસપાસ અચાનક મુલાકાત લીધી હતી. કેટલીક જગ્યાએ ગંદકી જણાતાં સફાઈ એજન્સીને નોટિસ આપી કાર્યવાહીના આદેશ કરાયા છે. હવે દર્દીઓ માટે ઊઈ કોડ આધારિત નવી ફરિયાદ વ્યવસ્થા શરૂ કરાશે. જોકે, આ રાઉન્ડમાં માત્ર સફાઈ પર જ ધ્યાન કેન્દ્રિત કરાતાં આંતરિક વર્તુળોમાં અનેક સવાલો ઊભા થયા છે. અમદાવાદ સ્થિત એસવીપી હોસ્પિટલમાં સફાઈ અને મેન્ટેનન્સની કામગીરીને લઈને હોસ્પિટલ કમિટીના ચેરમેન ડૉ. ચાંદની પટેલના રાઉન્ડ બાદ હવે નવી ફરિયાદ વ્યવસ્થા ઊભી કરવાની તૈયારી કરવામાં આવી છે. રાઉન્ડ દરમિયાન હોસ્પિટલની કેટલીક જગ્યાએ ગંદકી જોવા મળતાં સંબંધિત એજન્સીને નોટિસ આપવા અને જરૂરી કાર્યવાહી કરવા સૂચના અપાઈ છે. બીજી તરફ, આ રાઉન્ડમાં માત્ર સફાઈના મુદ્દા પર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હોવાની ચર્ચા વચ્ચે હોસ્પિટલના આંતરિક વર્તુળોમાં અનેક સવાલો ઊભા થયા છે કે, તેમણે ફક્ત સફાઈનો જ મુદ્દો કેમ ઉપાડ્યો. હોસ્પિટલ કમિટીના ચેરમેન ડૉ. ચાંદની પટેલે આશરે ૧૫ દિવસ પહેલાં રાત્રે ૯ વાગ્યા આસપાસ એસવીપી હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ દરમિયાન કેટલીક જગ્યાએ સફાઈ યોગ્ય રીતે થઈ ન હોવાનું તથા અન્ય પ્રશ્નો જોવા મળ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. ત્યારબાદ સંબંધિત સત્તાધીશોને કાર્યવાહી કરવા અને જવાબદાર એજન્સીને નોટિસ આપવા સૂચના આપવામાં આવી હતી. જોકે, હોસ્પિટલના આંતરિક સૂત્રોના જણાવ્યા મુજબ અન્ય મ્યુનિસિપલ હોસ્પિટલોની સરખામણીએ એસવીપીમાં સફાઈની વ્યવસ્થા સારી હોય છે, છતાં જ્યારે પણ સફાઈ અંગે ફરિયાદ આવે ત્યારે સંબંધિત એજન્સી સામે નોટિસ અથવા પેનલ્ટી જેવી કાર્યવાહી થતી રહે છે. તેમ છતાં ચેરમેનના રાત્રિના રાઉન્ડ દરમિયાન મુખ્યત્વે સફાઈના મુદ્દા પર જ ધ્યાન આપ્યુ હતુ જેના કારણે અનેક તર્ક વિતર્ક ઊભા થયા છે.આંતરિક વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે, રાત્રિના રાઉન્ડ દરમિયાન સફાઈ ઉપરાંત હોસ્પિટલમાં અન્ય સ્ટાફની હાજરી, ડૉક્ટરોની હાજરી અથવા કામગીરી જેવા મુદ્દાઓ અંગે કોઈ પ્રશ્નો કરવામાં આવ્યા નહોતા. જેના કારણે માત્ર સફાઈના મુદ્દાને લઈને જ આટલું ધ્યાન કેમ આપવામાં આવ્યું તે અંગે સવાલો ઉઠી રહ્યા છે. જોકે, આ અંગે હોસ્પિટલ કમિટીના ચેરમેન તરફથી કોઈ ચોક્કસ કારણ આપવામાં આવ્યું હોવાનું સામે આવ્યું નથી.

# અમદાવાદના રખિયાલમાં યુવતી મામલે મિત્રો વચ્ચે લોહિયાળ ખેલ: પાનના ગલ્લે બોલાવી માથામાં ચપ્પુના ઘા ઝીંક્યા

અમદાવાદના રખિયાલમાં યુવતીની બાબતે થયેલા વિવાદમાં એક મિત્રએ જ બીજા મિત્ર મોહમ્મદ સુફેલ ઉર્ફે ગોલુ પર ચપ્પુથી જીવલેણ હુમલો કર્યો છે. ચકુડિયા મહાદેવ મંદિર સામે પાનના ગલ્લા પર બનેલી આ ઘટનામાં ૨૨ વર્ષીય સુફેલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે. રખિયાલ પોલીસે આરોપી સમીર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અમદાવાદ શહેરમાં નજીવી તકરાર અને અંગત અદાવતમાં હિંસક હુમલાની ઘટનાઓ ચિંતાજનક રીતે સામે આવી રહી છે. પૂર્વ વિસ્તાર ગણાતા રખિયાલમાં યુવતીની બાબતે થયેલા વિવાદમાં એક મિત્રે જ બીજા મિત્ર પર ચપ્પુથી જીવલેણ હુમલો કરી દેતાં ભારે ચકચાર મચી ગઈ છે. ચકુડિયા મહાદેવ મંદિર સામે જાહેરમાં પાનના ગલ્લા પર બનેલી આ ઘટનામાં યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

**પાનના ગલ્લા પર બોલાવી અચાનક હુમલો કર્યો**

અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં બળિયા કાકા ચાર રસ્તા પાસે આવેલી કાશીબાઈની ચાલીમાં રહેતો ૨૨ વર્ષીય મોહમ્મદ સુફેલ ઉર્ફે ગોલુ મોઈનુદ્દીન પઠાણ" મજૂરીકામ કરીને ગુજરાન ચલાવે છે. સોમવારે સાંજે આશરે ૭:૦૦ વાગ્યાની આસપાસ તે તેના મિત્ર સમીર સિકંદર સૈયદ સાથે રખિયાલ ચકુડિયા મહાદેવ મંદિર સામે આવેલા પાનના ગલ્લા પર ઊભો હતો.

તે દરમિયાન, ચકુડિયા મહાદેવના છાપરામાં રહેતા તેના પરિચિત સમીરે સુફેલને ફોન કરીને તેનું લોકેશન પૂછ્યું હતું. સુફેલે પોતે પાનના ગલ્લે હોવાનું જણાવતાં જ સમીર માત્ર ૨ થી ૩ મિનિટમાં એક્સેસ ટુ-વ્હીલર લઈને ત્યાં પહોંચી ગયો હતો.

**યુવતીની બાબતે બોલાચાલી અને માથામાં ચપ્પુના ઘા**

ત્યાં પહોંચતાંની સાથે જ આરોપી સમીરે એક યુવતીની બાબતને લઈને ઉગ્ર બની જઈ સુફેલ સાથે ગાળાગાળી શરૂ કરી દીધી હતી તેમજ તેને ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો. સુફેલે ગાળો બોલવાની અને મારપીટ કરવાની ના પાડતાં આરોપી સમીર વધુ ઉશ્કેરાયો હતો. આવેશમાં આવીને તેણે પોતાની પાસે રહેલું તીક્ષ્ણ ચપ્પુ કાઢી સુફેલના માથાના ભાગે ઉપરાઉપરી ૨ ઘા મારી દીધા હતા.

**જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી ફરાર**

હુમલો કર્યા બાદ આરોપી સમીરે ઈજાગ્રસ્ત સુફેલ તેમજ ત્યાં સ્થળ પર હાજર તેના મિત્ર સમીર સિકંદર સૈયદ બંનેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ તે પોતાના ટુ-વ્હીલર પર સવાર થઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.

**ઈજાગ્રસ્તને સિવિલ હોસ્પિટલ ખસેડાયો, પોલીસ તપાસ શરૂ**

હુમલામાં લોહીલુહાણ થયેલો સુફેલ બાઈક ચલાવીને પોતાની ચાલીના નાકે પહોંચ્યો હતો. ત્યાં તેના મોટા ભાઈ આમીરખાને તેની ગંભીર હાલત જોઈ તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યો હતો. આ મામલે રખિયાલ પોલીસે આરોપી સમીર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વેજલપુરની 'બાબુ કાલિયા ગેંગ' સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ, મુખ્ય સૂત્રધારના રિમાન્ડ મંજૂર



અમદાવાદના વેજલપુર વિસ્તારમાં સંગઠિત ગુનાખોરી આચરતી કુખ્યાત બાબુ કાલિયા ગેંગ પર પોલીસે સકંજો કસ્યો છે. આ ગેંગ સામે GUJCTOC હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. મુખ્ય આરોપી બાબુ કાલિયા સહિત ૩ સભ્યો સામે મારામારી, આર્મ્સ એક્ટ અને ૩૦૭ કલમ હેઠળ ૧૫ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. પોલીસે વધુ તપાસ અર્થે બાબુ કાલિયાના રિમાન્ડ મેળવી કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદના વેજલપુર સ્થિત ફતેવાડી વિસ્તારમાં સંગઠિત ગુનાખોરી આચરતી કુખ્યાત બાબુ કાલિયા ગેંગ પર પોલીસે સકંજો કસ્યો છે અને તેની સામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ્સ એક્ટ (GUJCTOC) હેઠળ ગુનો દાખલ કર્યો છે. નોંધનીય છે કે, બાબુ કાલિયા ગેંગના કેસમાં બે આરોપીઓને જે તે સમયે ૩૦૭ના ગુના હેઠળ ધરપકડ કરી હતી. એક દિવસના રિમાન્ડ મેળવ્યા બાદ તે જેલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ આ કેસમાં નવી કલમ ઉમેરીને વધુ તપાસ અર્થે રિમાન્ડ માગતા કોર્ટે બાબુ કાલિયાના રિમાન્ડ આપ્યા છે, જ્યારે બીજો આરોપી વસીમ ઉર્ફે ડેમો હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે અને ત્રીજો આરોપી શહેજાન હાલ વોન્ટેડ છે.

**૧૫ જેટલા ગંભીર ગુનાઓનો ઈતિહાસ, મોકલેલું પ્રપોઝલ ગ્રાહ્ય રાખવામાં આવ્યું**

ઝોન-૭ના ડીસીપી શિવમ વર્માના જણાવ્યાનુસાર, વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ફતેવાડીમાં બાબુ કાલિયા ગેંગ સામે ગુનાની કલમોનો ઉમેરો કરવામાં આવ્યો છે. આ ગેંગ સામે મારામારી આર્મ્સ એક્ટ અને કલમ ૩૦૭ જેવા ૧૫ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. જેમાંથી હાલમાં કલમ ૩૦૭ની એક એફઆઈઆરમાં ૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. અમે આ ગેંગના ગુનાઈત ઈતિહાસનો અભ્યાસ કરીને મોકલેલું પ્રપોઝલ કોર્ટે ગ્રાહ્ય રાખ્યું છે અને તે આધારે ગુજસીટોકની કલમોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

આમાં મુખ્ય આરોપી મુજાહિદ અલી ઉર્ફે બાબુ કાલિયા છે. જેની સામે મર્ડર સહિત ૧૫ જેટલા ગંભીર ગુનાઓ શામેલ છે. જ્યારે બીજા આરોપી વસીમ અબ્દુલ ગફાર શેખ અને ત્રીજા આરોપી રોઝાન ખાન વસીમ ખાન પઠાણ બંને સામે ૩-૩ ગુનાઓનો ઈતિહાસ છે. આ આરોપીઓ ફતેવાડીમાં નજીક નજીક રહેતા હોવાથી ત્યાંથી જ એમની ઓળખાણ થઈ હતી. તેઓ આર્મ્સ એક્ટ, મારામારી અને કલમ ૩૦૭ના ગુનાઓમાં સામેલ છે. મુખ્ય આરોપી બાબુ કાલિયાનો ગુનાહિત ઈતિહાસ વર્ષ ૨૦૧૭થી છે અને તે છેલ્લા ૩ વર્ષથી ગુનાખોરીની પ્રવૃત્તિઓમાં સક્રિય છે. આ રીતે અમે સંગઠિત ગુનાખોરી આચરતી ગેંગ સામે આકરી કાર્યવાહી હાથ ધરી છે.

# ભારતનાં ''ચાર ધામો''માનું વિષ્ણુ ભગવાનનું ''બદરીનાથ ધામ''



કળિયુગના આગમનના એંધાણો મળતાં એ બન્ને ભાઈઓ શ્રીકૃષ્ણ અને અર્જુન રૂપે પ્રગટ થયા. તેમણે તપ કરેલું ત્યાં જ બદ્રિ-વિશાલનું મંદિર થયું.

- બદરીનાથની મૂર્તિ પદ્માસન મુદ્રામાં છે. બન્ને ભૂજાઓ યોગમુદ્રામાં ઉપર તરફ ઉઠેલી છે. હાથ ખંડિત છે. વક્ષસ્થળ ઉપર શ્રીવત્સનું ચિહ્ન છે.

''જો જાયે બદરી વો ન આયે બદરી''

એવું કહેવાય છે કે જે એકવાર પણ બદરીનાથનાં ધામમાં જાય છે તેને ફરી જનમ લેવો પડતો નથી. આ ભગવાન વિષ્ણુનું નિવાસ સ્થાન છે. આ ધામને આઠમું ધામ પણ કહેવામાં આવે છે. હિમાલયની ગોદમાં ૧૦,૩૦૦ ફુટની ઉંચાઈ ઉપર આવેલું આ તીર્થધામ છે. આ તીર્થધામ તે સત્યુગથી પવિત્ર ધામ તરીકે પ્રસિદ્ધ છે.

नर नारायणा रव्यौ यावताशै हरैद्विजाः।
तेपाते भारत खंड बद्रर्याश्रम हव च ॥

(શિવપૂરાણ કોટિરુદ્રસહિતા ૧૯(૧))

શ્રી વિષ્ણુના નરનારાયણ નામે જે અવતારો થયા હતા તેઓ બંન્ને ભારતખંડમાં બદરિકાશ્રમમાં હતા. વિષ્ણુનાં ૨૪ અવતારોમાંનો એક નર અને નારાયણ નામનો અવતારની આ તપોભૂમિ છે. કેદારનાથ શિવજીનાં ધામની પાસે આ બદરીનાથ ધામ આવેલું છે. કેદાર ઘાટીમાં બે પર્વત છે. નર અને નારાયણ જ્યાં આ બદરી નાથ ધામ આવેલું છે. સતયુગમાં આની સ્થાપના કરી હતી. આની સ્થાપના શ્રી આદીશંકરાચાર્યએ કરી હતી. જે ખંડીત થયા પછી શ્રી રામાનુજાચાર્યે એ કરી હતી. અહીં શાલિગ્રામની સ્થાપના કરાઈ છે. આને અષ્ટભૂજ તથા પંચ બદરીનો ભાગ પણ માનવામાં આવે છે. બદરીનાથ મંદિર પાસે એક પાણીનો સ્ત્રોત છે. જેનું પાણી ક્યારેય ખૂટતું નથી. એમાં સ્નાન કરવાથી માનવીનાં દરેક પાપો નાશ થાય છે. ત્યાં વિષ્ણુનાં પાંચ જુદા જુદા રૂપો જોવા મળે છે.

અહીં સાક્ષાત વિષ્ણુભગવાન વિશ્રામ કરે છે. એટલે એ ચાર ધામ યાત્રામાં શ્રેષ્ઠ ગણાય છે. ત્યાં બાજુમાં અલખનંદા નામની નદી વહે છે. ત્યાનાં કુંડને ''તપ્તકુંડલ્લલ્લ કહેવાય છે. તેમાં ગરમ પાણી હોય છે. તે કુંડમાં સ્નાન કરવાથી અને બદરીનાથનાં દર્શન કરવાથી બધા પાપોનો નાશ થાય છે અને તેને ફરી જન્મ લેવો પડતો નથી. (શિવપુરાણ કોટિરુદ્ર સંહિતા)

ઉત્તરાખંડનાં પહાડોમાં આ બદ્રીનાથ મંદિર આવેલું છે. આ ચાર ધામો માંનુ એક ધામ ગણવામાં આવે છે. આ સર્વ રીતે કલ્યાણ કારી - પુણ્ય શાળિ ધામ તરીકે સતયુગથી પ્રચલિત છે. આ મંદિર મે મહિનામાં ખુલે છે અને અને નવેમ્બરના ત્રીજા અઠવાડીયે બંધ થાય છે. હરિદ્વારથી સડક માર્ગે ત્યાં પહોંચાય છે. હરિદ્વારથી ૩૨૦ કિ.મી દૂર છે. બસ દ્વારા ત્યાં પહોંચાય છે. બદરીનાથને વૈકુંઠધામ પણ કહે છે. બદરીનો અર્થ છે. બોર-ત્યાં બોરનાં વૃક્ષ સ્થિત ભગવાન વિષ્ણુનું નિવાસ સ્થાન છે. આથી આને બદરીનાથ ધામ કહેવાય છે.

કથા : કથા એવી છે કે બ્રહ્માનાં પુત્ર પ્રાયેતસ્ દક્ષપ્રજાપતિ પૂત્રી દેવીની કૂખે ધર્મરાજ થકી નર અને નારાયણ પ્રગટયા.

धर्मस्य दक्ष द्रुहितीयः । नारायणो नर ऋषि प्रवर प्रशान्तः ॥

(ભાગવત સ્કંધ ૧૧/૪/૬)

તેઓ મોટા થતા માતા મૂર્તિદેવીનાં આશિષ લઈને બંને કઠિન તપ કરવા નીકળી પડયા. હિમાલયમાં આવેલી બદરિવન (બોરનું વન)ની ભૂમિની રમણીયતા, દિવ્યતા જોતા બંનેએ અહીં રહી મહાન તપનો આરંભ કર્યો. ઈન્દ્રએ બંને ઋષિયોના તપોભંગ માટે મેનકા નામની અપ્સરા મોકલી. નારાયણ તો પરમાત્મા હતા. તેમણે પોતાની જાંઘમાંથી મેનકાથી પણ સુંદર અપ્સરા ઉત્પન્ન કરી. ઉરુ (જાંઘ)માંથી ઉત્પન્ન થવાથી તે 'ઉર્વસી' કહેવાઈ આનો પ્રભાવ જોઈ ઈન્દ્રએ મોકલેલ મેનકા સ્વર્ગમાં જતી રહી. ભગવાને ઈન્દ્રને ઉર્વશી ભેટ આપી અને આ સ્થાન નર-નારાયણનું સ્મૃતિ સ્થાન બની ગયું.

કળિયુગના આગમનના એંધાણો મળતાં એ બન્ને ભાઈઓ શ્રીકૃષ્ણ અને અર્જુન રૂપે પ્રગટ થયા. તેમણે તપ કરેલું ત્યાં જ બદ્રિ-વિશાલનું મંદિર થયું.

ભગવાન નારાયણે નારદજીને કહેલું કે ''કળિયુગમાં મારાં સાક્ષાત્ દર્શન અસંભવ છે. તેથી કળિનો પ્રભાવ ટાળવા એક કુંડમાં મારી મૂર્તિ છે. તેનો ઉદ્ધાર કરી મંદિર બાંધો ને તેની પૂજા શરૂ કરો.'' એ મૂર્તિ જે કુંડમાંથી નીકળી તેને નારદકુંડ કહે છે : વિશ્વકર્માએ સુંદર મંદિર બાંધ્યું તે બદ્રિવિશાલ મંદિર અને આદિ પૂજારી તરીકે અહીં નારદજી એ જ સેવા કરી.

બૌદ્ધકાળમાં આ મૂર્તિને બૌદ્ધોએ બુદ્ધની મૂર્તિ તરીકે પૂજી, પણ પછીથી ધ્યાનમાં જ આવ્યાથી તે મૂર્તિને દક્ષિણનાં ''નામ્બુદ્રિયાદ'' બ્રાહ્મણોને પૂજારી તરીકે મૂક્યા અને આને પણ તે બ્રાહ્મણોનાં વંશજો તેની પૂજા કરે છે. આમ આ તીર્થ ભારતની ભાવનાત્મક એકતાની આધાર પીઠ સમું બની રહ્યું છે. અહીં ચંદ્રવંશી ગઢવાલ નરેશે મંદિરનું સુંદર નિર્માણ કરાવ્યું. જેના શિખરને ઈંદોરના મહારાણી અહલ્યાબાઈએ સુવર્ણથી મઢાવ્યા. (ભગવદ ગોમંડલ)

મંદિરની મૂર્તિ : બેઠા ઘાટનું મંદિર ૪૫ ફુટ ઉંચુ છે. આ પ્રસિદ્ધ મંદિરમાં મૂર્તિઓની સામે ગરૂડજીની હાથ જોડેલી મૂર્તિ છે. સામે જ બદ્રિ-વિશાળની મૂર્તિ મધ્યમાં રહેલી છે. ડાબે નર અને જમણે નારાયણની મૂર્તિ છે. જે શ્યામ પત્થરની છે. જમણે કુબેર બિરાજે છે. અને બદરીનાથની સન્મુખ ડાબી તરફ વિષ્ણુ ભગવાનની ઘાતુની બનેલી ઉત્સવ મૂર્તિ છે અને તેની સમીપે નારદજી બિરાજ્યા છે.

બદરીનાથની મૂર્તિ પદ્માસન મુદ્રામાં છે તેમની બન્ને ભૂજાઓ યોગમુદ્રમાં ઉપર તરફ ઉઠેલી છે. ખભાથી ઉપરનો ભાગ નથી. તેથી સપાટ પત્થર પર ચંદનની આડ લગાવી પૂજારી ભગવાનનું શિશ હોવાનો આભાસ કરાવે છે. ઉપર ઉઠેલા હાથ પણ ખંડિત છે. વક્ષસ્થળ ઉપર શ્રીવત્સનું ચિહન છે.

શા માટે છ માસ મંદિર બંધ રહે છે? જ્યારે શિયાળાનાં છ માસ અત્યંત ભયાનક હિમવર્ષાનો સમય હોય છે. ત્યારે મંદિરમાં રહેલી વિષ્ણુની ઉત્સવ મૂર્તિને લઈને પૂજારીઓ (જેને '(રાવળ)' કહેવાય છે તે ૬૧૫૦ ફુટ નીચે આવેલા શંકરાચાર્યએ સ્થાપિત જોશીમઠમાં આવી જાય છે. એ દરમ્યાન મુખ્યમંદિરમાં નારદજી પૂજા આજે પણ કરે છે. જે મંદિરમાં થતા ઘંટારવ અને અન્ય પુરાવાઓથી માનવામાં આવે છે. આ ઉત્સવમૂર્તિ ભગવાન શ્રીકૃષ્ણએ ઉદ્ધવજીને આપી હતી.

દિવાળીના દિવસે પટ બંધ થતાં આખાય બદરી નાથની વસતી જોષીમઠમાં આવી જાય છે. પછી છેક અખાત્રીજે મંદિર ખૂલે છે ને યાત્રિકો-શ્રદ્ધાળુઓ માટે યાત્રાનો પ્રારંભ થાય છે.

આ પ્રમાણે પૂજા, ધ્યાન, અને યાત્રિકોને કથા-વાર્તા અને ઉપદેશથી બદરીનાથ ધામ આવતા તમામ યાત્રિકોને દર્શનથી અનેકગણું પૂણ્ય અને શાંતિ મળે છે.

**બદ્રીનાથ ધામનાં રહસ્યો :**

(૧) આને દેવભૂમિ કહે છે. અહીં ભગવાન વિષ્ણુ નિવાસ કરે છે. જે અલખનંદાની પાસે આવેલ છે. અહીં દર્શન કરનારા ઓ જન્મ-મૃત્યુનાં ફેરામાંથી છૂટી જાય છે.

(૨) અહીં પૂજા-અર્ચનામાં ક્યારેય શંખ વગાડવામાં આવતો નથી. કહેવાય છે કે ત્યાં લક્ષ્મીજી તપ કરતા હતા. જેથી ભગવાન વિષ્ણુએ ત્યારે શંખ વગાડવાનું બંધ રાખ્યું હતું. તેથી આજ સુધી ત્યાં શંખ વગાડાતો નથી.

(૩) તે ધામની જગ્યાએ પહેલા શંકર-પાર્વતીનું સ્થાન હતું. પરંતુ વિષ્ણુને પ્રિય લાગવાથી ત્યાં બાળકનું રૂપ લઈ આવી ને તે સ્થાન માંગવાથી શિવજી-પાર્વતીએ તો સ્થાન ભગવાન વિષ્ણુને અર્પણ કર્યું તેથી તે વિષ્ણુ ધામ તરીકે પ્રચલિત થયું.

(૪) ત્યાંથી નદી ઉપર એક પત્થરનાં પહાડનાં કટકાનો પૂલ છે. કહેવાય છે કે પાંડવો જ્યારે સ્વર્ગારોહાણ કરવા ત્યાંથી પસાર થયા ત્યારે દ્રૌપદી તે કિનારે થી પસાર ન થઈ શકી જેથી ભીમે પહાડમાંથી મોટો પત્થર ત્યાં ફેક્યો અને પુલની માફક બની ગયો. આજે પણ હજારો યાત્રિકો તે પુલ ઉપરથી પસાર થાય છે અને તે મોજુદ પણ છે. આ શિલાનો પૂલ ભીમપૂલ નામથી પ્રચલિત છે.

(૫) સમય જતા એવું કહેવાય છે કે નર-નારાયણ નામના બે સ્થાનો આવેલા છે. જ્યારે બન્ને મૂર્તિ એક થશે ત્યારે ત્યાં પર્વતો એક થઈ ત્યાંનો રસ્તો બંધ થશે અને તે ધામ પણ નહીં રહે.

# નર્ણયો લેવાને એને સાંગોપાંગ પાર પાડવા એ આપણા પુખ્ત જીવનનો એક અનિવાર્ય ભાગ

તમારી તાકાતની કસોટી કરે એવી કોઈ પણ પરિસ્થિતિ તમે ગમાડવા લાગશો. જેઓ નાની વયે આ કળા શીખી જાય છે તેઓ બડભાગી છે. જ્યારે કામ કરવાની તક આવે ત્યારે એ કરી નાખીએ છીએ એવી અપેક્ષા આપણી પાસે પુખ્તતા રાખે છે. કોઈ પણ બાબતને પાછી ઠેલવ્યા કરીને એ પતતી નથી એવી ચિંતા કરી દૂબળા થયે જવું એ તો કોઈ પણ માણસને આવડે. કોઈ પણ માણસ હાથ જોડીને ખૂણે બેસી ને રહી પોતાની જાતને પુખ્ત ગણવાનો દાવો ના કરી શકે. ધારો કે એ ખોટો દાવો કરે તો પણ પુખ્તતાના જે નક્કર પરિણામ મળવા જોઈએ એ તો એને મળતા નથી જ. નિર્ણય લેવાનો સમય આવે એ તદ્દન અનિવાર્ય બની જાય ત્યારે એ લોકો ચિંતા, શંકા અને ગૂંચવણના ધુમ્મસમાં ખોવાઈ જાય છે. ખરેખર તો આ સમયને જાળવી લેવાનો હોય છે. જે આ પળને પકડી પાડે એને માટે આગળના સંઘર્ષ રહી શકતા નથી. અન્યથા આ સંઘર્ષ અને મનના ખેંચાણ એવા તંગ બને છે કે ગમે એવો માણસ પણ એમાં રહેંસાઈ જાય છે. આ જંતરડા એવા જાલીમ હોય છે કે ગમે એવા માણસના લમણામાં પોલાદને પણ પાતળુ કરી નાખે છે. એક વાર કાર્લાઈલ નદી કીનારે ફરવા જતો હતો ત્યાં કિનારા ઉપર કપડા ઉતારતો એક યુવાન દેખાયો. કાર્લાઈલને વહેમ પડતા એ ત્યાં દોડી ગયો અને પૂછયું : ''શું ચાલે છે? આપઘાતની તૈયારી? શા માટે?

મને જિંદગીનો ડર લાગવા માંડયો છે. કોઈ પણ ડરમાંથી મુક્ત થવાનો એક જ રસ્તો છે જેનો ડર લાગતો એ કામ તરત જ કરવા માડવું. યુવાન બોલ્યો : ''પણ એ કેવી રીતે બને?'' શરૂઆત કેવી રીતે કરવી ? ઠંડા પાણીનો ડર હોય તો શરૂઆત કેવી રીતે કરવી એવો વિચાર કર્યા વગર આંખ મીંચીને ખાબકી પડવું. કાર્લાઈલ બોલ્યા યુવાન, 'તો તો હું પડું જ.' કાર્લાઈન બોલ્યા, 'મુખાનંદ હું તને પાણીમાં નહીં સંસારજળમાં ઝૂકાવવાનું કહું છું.' આજ કાર્લાઈલે એક જગ્યાએ લખ્યું કે, 'તમને આશ્ચર્ય થશે કે ડર ચાલ્યો જશે એટલું જ નહીં, એ ઠંડુ પાણી તમને ગમવા લાગશે પછી તો તમે ઠંડુ પાણી જોશો એટલે આનંદ આવી જશે.' પણ ઘણા લોકો મોટી ઉમરે પહોંચ્યા પછી પણ નિર્ણય લેવાના નિયમનું મહત્ત્વ નથી સમજતા. નિર્ણય ના લેવાને કારણે સહન કરવું પડે અને બે ચાર થપ્પડ વાગે પછી જ એ લોકો સ્વીકારે છે કે મુલતવી રાખવાના ફળ હંમેશાં માઠા હોય છે. એક સાદી વાત લઈએ તમારે આજે સાંજે શું કરવું છે એને વિષે વિચાર કરો છો? એ સાચુ છે કે જિંદગીમાં જીવન કારણના સવાલ કોઈક વાર જ આવે છે. પણ એવો સમય આવે ત્યારે કંઈ નિર્ણય લેવાની કળ શીખવા ના બેસાય નાની નાની બાબતોમાં ઊંડો વિચાર કરીને મનને નિર્ણય લેવાનું શીખવી દીધુ હોય તો એ તાલીમ ખરે સમયે ખૂબ

# બાબા રામદેવપીર – શ્રદ્ધા, સમાનતા અને માનવતાના પ્રતિક





બાબા રામદેવપીર, જેને ભક્તો પ્રેમથી રામાપીર, રામદેવજી અને રામશાહ પીર તરીકે ઓળખે છે, રાજસ્થાન અને ગુજરાત સહિત અનેક વિસ્તારોમાં લોકદેવતા તરીકે પૂજાય છે. તેમના જીવન સાથે જોડાયેલી પરંપરાઓમાં ગરીબો અને વંચિતોની સેવા, માનવ સમાનતા અને ભક્તિનો સંદેશ મુખ્ય છે.

**જન્મ અને જીવન**

પરંપરાગત માન્યતા મુજબ બાબા રામદેવપીરનો જન્મ રાજસ્થાનના પોખરણ વિસ્તારના રાજવી પરિવાર સાથે જોડાયેલો હતો. તેમના પિતા અજમલજી તંવર અને માતા મિનલદેવી હોવાનું માનવામાં આવે છે. તેમના જન્મ અને જીવનની તારીખો અંગે વિવિધ પરંપરાઓ અને સ્ત્રોતોમાં થોડો મતભેદ જોવા મળે છે.

બાબા રામદેવપીરે રાજવી જીવન કરતાં લોકસેવા અને આધ્યાત્મિક માર્ગને વધુ મહત્વ આપ્યું એવી લોકપરંપરા છે. તેઓ સમાજના ગરીબ અને વંચિત લોકો માટે કરુણા અને સમાનતાનો સંદેશ આપતા હતા.

**સમાનતાનો સંદેશ**

રામદેવપીરની ભક્તિમાં જાતિ-ભેદ અને ઊંચ-નીચથી ઉપર માનવતાને સ્થાન આપવામાં આવે છે. તેમની લોકકથાઓમાં વિવિધ સમાજના લોકો પ્રત્યે પ્રેમ અને સમાનતાની ભાવના જોવા મળે છે.

તેમને હિંદુ ભક્તો ઉપરાંત મુસ્લિમ સમાજના લોકો પણ રામશાહ પીર અથવા રામાપીર તરીકે શ્રદ્ધાથી યાદ કરે છે. આ કારણે રામદેવપીર ભારતીય લોકઆસ્થામાં સાંપ્રદાયિક એકતા અને સમરસતાના પ્રતિક તરીકે પણ જોવામાં આવે છે. રાજસ્થાનના રામદેવરા ખાતે બાબા રામદેવપીરની સમાધિ આવેલું પ્રસિદ્ધ તીર્થસ્થળ છે. અહીં દર વર્ષે ભાદરવા મહિનામાં મોટો મેળો ભરાય છે, જેમાં ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે. ભક્તો ભજન-કીર્તન કરે છે અને બાબાના દર્શન કરી આશીર્વાદ મેળવે છે.

**રામાપીરના નોરતા**

રામદેવપીરના નોરતા દરમિયાન ગામડાં અને શહેરોમાં ભક્તિનો માહોલ જોવા મળે છે. ભક્તો ઉપવાસ, ભજન, આરતી અને ધાર્મિક કાર્યક્રમો દ્વારા બાબાની આરાધના કરે છે.

બાબા રામદેવપીરની ભક્તિ આપણને એકતા, સેવા, કરુણા અને માનવતાનો માર્ગ બતાવે છે.

"હે બાબા રામાપીર, સૌના જીવનમાં સુખ-શાંતિ આપો, દુઃખ દૂર કરો અને સૌને માનવતાના માર્ગે ચાલવાની શક્તિ આપો.''

**જય બાબા રામદેવપીર બોલો**

**બાર બીજના ધણીની જય**

# સાળંગપુર કષ્ટભંજન દેવ હનુમાનજી



ગુજરાતના બોટાદ જિલ્લામાં આવેલું સાળંગપુર ધામ ભગવાન હનુમાનજીના પ્રસિદ્ધ તીર્થસ્થાનો ાંનું એક છે. અહીંનું મુખ્ય મંદિર શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર તરીકે ઓળખાય છે. "કષ્ટભંજન''નો અર્થ થાય છે—કષ્ટો અને દુઃખોનો નાશ કરનાર. મંદિર સ્વામિનારાયણ સંપ્રદાયની વડતાલ ગાદી સાથે સંકળાયેલું છે.

**મંદિરની સ્થાપનાની કથા**

મંદિરના ઈતિહાસમાં સદગુરુ ગોપાળાનંદ સ્વામીનું વિશેષ સ્થાન છે. ભારત સરકારના પ્રવાસન પોર્ટલ મુજબ, ગોપાળાનંદ સ્વામીએ સંવત ૧૯૦૫માં, એટલે કે ઈ.સ. ૧૮૪૯ આસપાસ, કષ્ટભંજન દેવની મૂર્તિની સ્થાપના કરી હતી. પરંપરાગત કથા અનુસાર મૂર્તિની સ્થાપના સમયે ગોપાળાનંદ સ્વામીએ મૂર્તિને પવિત્ર દંડથી સ્પર્શ કર્યો અને મૂર્તિમાં દિવ્ય ચેતનાનો અનુભવ થયો હોવાનું માનવામાં આવે છે. આ પ્રસંગ પછી હનુમાનજીને કષ્ટભંજન દેવ તરીકે વિશેષ રીતે પૂજવામાં આવવા લાગ્યા.

**ભક્તોની આસ્થા**

સાળંગપુરના કષ્ટભંજન દેવમાં ભક્તોની ઊંડી શ્રદ્ધા છે. લોકઆસ્થા અનુસાર અહીં હનુમાનજીના દર્શન અને પ્રાર્થનાથી ભય, ચિંતા તથા વિવિધ કષ્ટોમાંથી રાહત મળે છે. આ માન્યતાઓ ધાર્મિક પરંપરાનો ભાગ છે.

**સાળંગપુર ધામનો વિકાસ**

સમય જતાં સાળંગપુર માત્ર એક નાનું મંદિર ન રહીને વિશાળ યાત્રાધામ તરીકે વિકસ્યું. મંદિર પરિસરમાં ભક્તો માટે વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે અને ધામમાં મોટા પ્રમાણમાં યાત્રાળુઓ આવે છે. સાળંગપુર ગામમાં BAPSનું શ્રી સ્વામિનારાયણ મંદિર પણ આવેલું છે, તેથી સમગ્ર વિસ્તાર સ્વામિનારાયણ પરંપરાના મહત્વના ધાર્મિક કેન્દ્ર તરીકે ઓળખાય છે.

**૫૪ ફૂટની હનુમાનજીની પ્રતિમા**

સાળંગપુર ધામમાં ૫૪ ફૂટ ઊંચી હનુમાનજીની પ્રતિમા પણ વિશેષ આકર્ષણ છે. ૨૦૨૩માં હનુમાન જયંતિના પ્રસંગે આ પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

**આજે સાળંગપુરનું મહત્વ**

આજે સાળંગપુર ગુજરાતના મહત્વપૂર્ણ હનુમાનજી તીર્થધામો માંનું એક છે. ખાસ કરીને શનિવાર અને હનુમાનજી સંબંધિત પર્વો દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે આવે છે. શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીને સમર્પિત આ ધામ શ્રદ્ધા, સેવા અને આધ્યાત્મિક પરંપરાનું મહત્વનું કેન્દ્ર છે.

# અમદાવાદમાં ક્રેડિટ કાર્ડ રિવોર્ડ પોઈન્ટ્સની લાલચ દંપતીને ભારે પડી : ગઠિયાઓએ ફોન હેક કરી ૧.૮૯ લાખ ઉપાડી લીધા

અમદાવાદના અમરાઈવાડીમાં એક પરિવારને ક્રેડિટ કાર્ડના ૯,૫૦૦ રિવોર્ડ પોઈન્ટ્સ રોકડમાં રિડીમ કરવાની લાલચ આપી સાયબર ગઠિયાએ છેતરપિંડી આચરી છે. વોટ્સએપ પર નકલી APK ફાઈલ મોકલી મોબાઈલ હેક કરી, દંપતીના બે ક્રેડિટ કાર્ડમાંથી કુલ ૧.૮૯ લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. રામોલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ શહેરના અમરાઈવાડી વિસ્તારમાં રહેતા પરિવારને ક્રેડિટ કાર્ડના રૂપિયા ૯,૫૦૦ના રિવોર્ડ પોઈન્ટ્સ રોકડમાં રિડીમ કરાવવાની લાલચ આપી સાયબર ગઠિયાએ વોટ્સએપ મારફતે બનાવટી APK ફાઈલ મોકલી મોબાઈલ હેક કરી લીધો હતો. ત્યારબાદ ગઠિયાએ વાતચીત ચાલુ રાખીને જ તેમના બે અલગ-અલગ બેંકના ક્રેડિટ કાર્ડમાંથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૧.૮૯ લાખની રકમ ઉપાડી લઈને છેતરપિંડી આચરી હતી. આ મામલે રામોલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

**'ક્રેડિટ કાર્ડમાં ૧૨,૫૯૮ રિવોર્ડ પોઈન્ટ્સ જમા છે'**

અમરાઈવાડી ખાતે જયયોગેશ્વર રો-હાઉસમાં રહેતા અને ઘરકામ કરતા સરોજબેન પટેલ (ઉંમર વર્ષ ૪૬)ના પતિ તુષારકુમાર પટેલ રખિયાલ ખાતે ખાનગી પ્લાસ્ટિક કંપનીમાં નોકરી કરે છે. ગત ૭ સપ્ટેમ્બરના રોજ સાંજના છ વાગ્યા આસપાસ તુષારભાઈ નોકરી પર હાજર હતા ત્યારે તેમના નંબર પર અજાણ્યા નંબર પરથી કોલ




આવ્યો હતો. કોલ કરનારે હિન્દીમાં વાત કરી પોતે એક્સિસ બેંકમાંથી કરણભાઈ બોલે છે તેવી ઓળખ આપી હતી. તેણે તુષારભાઈને વિશ્વાસમાં લેતાં જણાવ્યું હતું કે, 'તમારો સિબિલ સ્કોર સારો છે અને ક્રેડિટ કાર્ડમાં ૧૨,૫૯૮ રિવોર્ડ પોઈન્ટ્સ જમા છે, જેના બદલામાં તમને રોકડા રૂપિયા ૯,૫૦૦ મળી શકે તેમ છે.'

**લિન્કમાંથી apk ડાઉનલોડ કરતાં જ ફોન હેક થઈ ગયો**

આ રિવોર્ડ પોઈન્ટ્સ મેળવવા માટે ગઠિયાએ તુષારભાઈના વોટ્સએપ પર એક લિંક મોકલી હતી અને એક્સિસ બેંકની એપ્લિકેશન ડાઉનલોડ કરવા કહ્યું હતું. તુષારભાઈએ વોટ્સએપ પર આવેલી APK ફાઈલ ડાઉનલોડ કરીને ફોનમાં ઈન્સ્ટોલ કરતાં જ તેમનો વનપ્લસ કંપનીનો ફોન હેક થઈ ગયો હતો. ત્યારબાદ તરત જ અન્ય અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. વાતચીત ચાલુ હતી તે દરમિયાન જ તેમની પત્નીના એક્સિસ બેંકના ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા ૮૦ હજાર અને રૂપિયા ૬૦ હજાર મળી કુલ રૂપિયા ૧.૪૦ લાખ ડેબિટ થયાનો મેસેજ આવ્યો હતો.

**સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર નોંધાવી ફરિયાદ**

તુષારભાઈએ પૈસા કેમ કપાયા તે અંગે પૂછતાં સામેવાળાએ થોડીવારમાં પૈસા પાછા આવી જશે તેમ કહી તેમને વાતોમાં પરોવી રાખ્યા હતા. આ દરમિયાન તેમના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ક્રેડિટ કાર્ડમાંથી પણ વધુ રૂપિયા ૪૯,૯૯૮ ડેબિટ થઈ ગયા હતા. તુષારભાઈએ પોલીસ ફરિયાદ કરવાની ચેતવણી આપતાં જ સાયબર ઠગે કોલ કટ કરી દીધો હતો. આ સમગ્ર મામલે દંપતીએ સૌપ્રથમ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર અરજી કર્યા બાદ રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# ટ્રાફિક મેમોનો ફેક મેસેજ આવ્યો, લિંક પર ક્લિક કરતાં અમદાવાદમાં ફેક્ટરી માલિકના ખાતામાંથી અઢી લાખ ઉપડી ગયા

અમદાવાદના થલતેજમાં કેમિકલ ફેક્ટરી માલિક નિસર્ગભાઈ ચવાડિયા સાથે રૂા.૨.૩૬ લાખની સાયબર છેતરપિંડી થઈ છે. ૩ સપ્ટેમ્બરે આવેલા ફેક ટ્રાફિક મેમોના મેસેજમાં આપેલી લિંક પર ક્લિક કરતાં ફોન હેક થયો હતો. NEXT_GenMPari vahan નામની ફેક એપ ઈન્સ્ટોલ થતાં હેકરે ફોનનો કંટ્રોલ લઈ લીધો. ૬ સપ્ટેમ્બરે ૧૦ ટ્રાન્ઝેક્શન દ્વારા બેંક ખાતામાંથી રૂા.૨,૩૬,૯૯૭ ઉપાડી લીધા. પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. અમદાવાદમાં દરરોજ અલગ-અલગ પ્રકારના સાઈબર ફ્રોડના કિસ્સા પોલીસ ચોપડે નોંધાઈ રહ્યા




છે. હવે થલતેજમાં રહેતા એક કેમિકલની ફેક્ટરીના માલિકનો ફોન હેક કરીને હેકરે ૨.૩૬ લાખ ટ્રાન્સફર કરી લીધા છે. હેકરે મોબાઈલમાં પરિવહનનો એક ફેક ટેક્સ્ટ મેસેજ મોકલ્યો હતો. જેમાં આપેલી લિંક ઓપન કરીને એપ ઈન્સ્ટોલ કરતા ફેક્ટરી માલિકનો મોબાઈલ હેક થયો હતો. આ પછી ૧૦ ટ્રાન્ઝેકશન કરીને હેકરે ૨.૩૬ લાખ ટ્રાન્સફર કરી લીધા હતા. આ સાયબર ફ્રોડ અંગે જાણ થતા તેમણે પોલીસ ફરિયાદ કરી છે. અમદાવાદના થલતેજમાં રહેતા અને છત્રાલ ખાતે કેમિકલ ફેક્ટરી ચાલતા નિસર્ગભાઈ ચવાડિયા સાથે સાયબર ફ્રોડ થયો છે. ગત તારીખ ૩ સપ્ટેમ્બરના રોજ તેમના મોબાઈલમાં પરિવહન તરફથી ટ્રાફિક મેમોનો એક ટેક્સ્ટ મેસેજ આવ્યો હતો. આ મેસેજમાં આપેલી લિંક પર ક્લિક કરતા NEXT_GenMPari vahan નામની એક ફેક એપ્લિકેશન ડાઉનલોડ થઈ હતી. તેમણે આ એપ ઈન્સ્ટોલ કરી અને કોન્ટેક્ટ્સ, ગેલેરી અને SMS સહિતની બધી જ પરમિશન આપી દીધી હતી. જોકે, એપમાં ગાડીની કોઈ વિગત ન દેખાતા તેમણે થોડીવારમાં જ એપ ડિલીટ કરી દીધી હતી. પણ હેકરે ફોનનો કંટ્રોલ અને બેંકની વિગતો લઈ લીધી હોવાથી તેમના ફોનમાં OTP આવવાના શરૂ થઈ ગયા હતા. એ પછી ૬ સપ્ટેમ્બરે સાંજે તેમના મોબાઈલમાં એકસાથે ૧૦ ડેબિટ ટ્રાન્ઝેકશનના મેસેજ આવ્યા હતા. જે અંગે તપાસ કરતા જાણવા મળ્યું કે, હેકરે તેમની કંપનીના બેંકના કરંટ એકાઉન્ટમાંથી રૂપિયા ૪૯,૯૯૯ અને તેમના બેંકના સેવિંગ એકાઉન્ટમાંથી રૂપિયા ૧,૮૬,૯૯૮ સહિત કુલ રૂપિયા ૨,૩૬,૯૯૭ ટ્રાન્સફર કરી લીધા હતા. આ ફ્રોડની જાણ થતાં જ તેમણે પોલીસ ફરિયાદ કરી હતી.

## ગુજરાત ATSએ ફોડ્યો કૌભાંડનો ભાંડો

# નકલી પાસપોર્ટ સાથે ગુજરાત મહિલા કોંગ્રેસ પ્રદેશ પ્રમુખનો પુત્ર ઝડપાયો

## ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગીતાબેન પટેલના પુત્ર હરીકેશ પટેલે કાયદાની આંખમાં ધૂળ ઝોંકી

અમદાવાદ

ગુજરાત ATS રાજ્યભરમાં ગુનાહિત પ્રવૃત્તિઓ પર સતત વોચ રાખી રહી છે. આ દરમિયાન ATS ના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. રોજીયાને એક ખાનગી બાતમી મળી હતી. બાતમી એવી હતી કે, અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં મીરાપાર્ક સોસાયટી પાસે રહેતો હરીકેશ પ્રણવકુમાર પટેલ ખોટા દસ્તાવેજોના આધારે મેળવેલા બીજા પાસપોર્ટ પર વિદેશ પ્રવાસ કરી રહ્યો છે. ATS ની ટીમે વોચ




ગોઠવીને હરીકેશ પટેલની ધરપકડ કરી કડક પૂછપરછ હાથ ધરી, જેમાં એક પછી એક ચોંકાવનારા ખુલાસા થવા લાગ્યા હતા. જેમાં સૌથી પહેલા ખુલાસો એ થયો હતો કે વર્તમાન સમયના ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગીતા બેન પટેલનો પુત્ર છે આરોપી હરિકેશ પટેલ. ગુજરાત એટીએસ ની તપાસમાં સામે આવ્યું છે કે હરીકેશ પટેલ પાસે અગાઉથી જ એક મૂળ ભારતીય પાસપોર્ટ નંબર: જી૨૫૨૮૯૯૯ હતો. પરંતુ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના બહુચર્ચિત પાવરબેંક એપ મની લોન્ડરિંગ કેસમાં કાર્યવાહી દરમિયાન તેનો આ મૂળ પાસપોર્ટ ઈડી દ્વારા કોર્ટમાં જમા કરાવી દેવામાં આવ્યો હતો. ઈડી ના આ કેસમાં આરોપી આગોતરા જામીન અરજી પણ ફગાવી દેવામાં આવી હતી, જેથી ધરપકડથી બચવા માટે અને દેશ છોડી ભાગવા માટે તેણે એક નવો માસ્ટર પ્લાન ઘડ્યો હતો. આ માસ્ટર પ્લાન મુજબ હરીકેશ પટેલે સૌથી પહેલા દિલ્હી ક્રાઈમ બ્રાન્ચમાં પોતાનો પાસપોર્ટ ગુમ થઈ ગયો હોવાની ખોટી ફરિયાદ નોંધાવી હતી ત્યારબાદ તેણે દિલ્હી અને ઉત્તર પ્રદેશના આગ્રાના ખોટા રહેઠાણ દર્શાવતા બનાવટી ભાડા કરારો ઊભા કર્યા. આધારકાર્ડમાં પણ આગ્રાના દયાલબાગનું ખોટું સરનામું દાખલ કરાવ્યું. આ જ બોગસ ડોક્યુમેન્ટ્સના આધારે તેણે ૨૬ જુલાઈ ૨૦૨૪ ના રોજ ગાઝિયાબાદ RPO માંથી પોતાના નામે બીજો પાસપોર્ટ નંબર: C0538007 કઢાવી લીધો હતો. ગુજરાત એટીએસની તપાસ માં સામે આવ્યું છે કે આરોપી એ ગાઝિયાબાદથી નવો પાસપોર્ટ હાથમાં આવતા જ હરીકેશ પટેલ ભારતથી ફરાર થઈ ગયો હતો અને પોલીસના ચોપડે ન ચઢે તે માટે તેણે સીધી ફ્લાઈટ લેવાના બદલે ભૂટાન બોર્ડરનો રસ્તો પકડ્યો. ભૂટાન થઈને તે બેંગકોક, સિંગાપોર અને દુબઈ ગયો હતો. એટલું જ નહીં, વિદેશથી પરત ભારત આવવા માટે પણ તેણે હવાઈ માર્ગ ટાળીને નેપાળ બોર્ડરથી જમીન માર્ગે ભારતમાં પ્રવેશ કર્યો હોવા નું પણ સામે આવ્યું છે પણ આ મહાશય ગુજરાત ATS ની બાજનજરમાંથી તે બચી શક્યો નહીં અને ગુજરાત એટીએસની ટીમના હાથે લાગી ગયો હતો. આરોપી હરીકેશ પટેલનો ગુનાહિત ઈતિહાસ ની જો વાત કરવા માં આવે તો પોલીસ તપાસ માં સામે આવ્યું છે ઘણો લાંબો છે. જેમાં છ્જી ની તપાસમાં સામે આવ્યું છે કે આરોપી હરિકેશ પટેલ સામે અગાઉ પણ નારણપુરા પોલીસ સ્ટેશન અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં છેતરપિંડી અને બનાવટી દસ્તાવેજો બનાવવા સહિતની કલમો હેઠળ બે ગુનાઓ નોંધાયેલા છે. હાલ ગુજરાત ATS એ આરોપી વિરુદ્ધ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ નવી FIR નોંધી છે.

# ગુજરાત એક્સપ્રેસ સહિત ૩ સુપરહિટ ટ્રેનોમાં મોટો ફેરફાર: જૂના ICF ડબ્બા હટાવાશે, લાગશે LHB કોચ

ભારતીય રેલવેએ ગુજરાતના લાખો દૈનિક મુસાફરોની સલામતી માટે મહત્વનો નિર્ણય લીધો છે. અમદાવાદ ડિવિઝને ૩ લોકપ્રિય ટ્રેનો, જેમાં ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસ, ગુજરાત ક્વીન અને વડોદરા ઈન્ટરસિટીનો સમાવેશ થાય છે, તેને આધુનિક LHB કોચ સાથે દોડાવવાનું શરૂ કર્યું છે. આ નવા કોચ સ્ટેનલેસ સ્ટીલના બનેલા છે અને 'એન્ટિ-ટેલિસ્કોપિક' ટેક્નોલોજી તેમજ અદ્યતન ડિસ્ક બ્રેકિંગ સિસ્ટમથી સજ્જ છે, જે અકસ્માત સમયે મુસાફરોને સુરક્ષિત રાખશે અને આંચકામુક્ત મુસાફરીનો અનુભવ કરાવશે. લાખો દૈનિક મુસાફરો માટે ભારતીય રેલવે માત્ર પરિવહનનું સાધન નથી, પરંતુ જીવનનો મુખ્ય આધાર છે. ખાસ કરીને અમદાવાદ, વડોદરા, સુરત અને મુંબઈ વચ્ચે દરરોજ હજારો નોકરિયાતો, વેપારીઓ અને વિદ્યાર્થીઓ અવરજવર કરે છે. મુસાફરી દરમિયાન પેસેન્જરોની સલામતી હંમેશા ચિંતાનો વિષય રહેતી હોય છે. એવામાં હવે રેલવે દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે દ્વારા જૂના ICF કોચ સાથે દોડતી



પરંપરાગત ટ્રેનોને તબક્કાવાર આધુનિક LHB કોચમાં પરિવર્તિત કરવામાં આવી રહી છે. આ અભિયાન અંતર્ગત પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝને શહેરની ૩ મુખ્ય અને લોકપ્રિય ટ્રેનોને LHB રેક સાથે દોડાવવાનો નિર્ણય કર્યો છે.

અમદાવાદની આ ૩ લોકપ્રિય ટ્રેનો હવે ન્ઉઁમ રેક સાથે દોડશે

ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસઃ અમદાવાદ – મુંબઈ સેન્ટ્રલ (ADI – MMCT)

ગુજરાત ક્વીનઃ અમદાવાદ – વલસાડ (ADI – BL)

વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસઃ અમદાવાદ – વડોદરા (ADI – BRC)

અકસ્માત વખતે કોચ એકબીજા પર ચડશે નહીં

પરંપરાગત ICF કોચની સરખામણીએ LHB કોચ સ્ટેનલેસ સ્ટીલમાંથી બનાવવામાં આવે છે. આ કોચમાં ખાસ 'એન્ટિ-ટેલિસ્કોપિક' ટેક્નોલોજી હોય છે. પરિણામે, કોઈ કટોકટી કે અકસ્માતની સ્થિતિ સર્જાય તો પણ કોચ પાટા પરથી પલટી જતાં નથી કે એકબીજાના ડબ્બાની અંદર ઘૂસી જતા નથી. આ ડિઝાઈન પેસેન્જરોને ગંભીર ઈજાઓથી સુરક્ષિત રાખવામાં સૌથી મહત્વની ભૂમિકા ભજવે છે.

**અદ્યતન ડિસ્ક બ્રેકિંગ સિસ્ટમ**

નવા LHB કોચ અત્યાધુનિક ડિસ્ક બ્રેક સિસ્ટમથી સજ્જ હોય છે. આ આધુનિક બ્રેકિંગ સિસ્ટમને કારણે ટ્રેન જ્યારે હાઈ-સ્પીડમાં દોડતી હોય, ત્યારે પણ ઈમરજન્સીમાં તેને ખૂબ જ ટૂંકા અંતરે અને સુરક્ષિત રીતે નિયંત્રિત કરી શકાય છે. જૂના કોચમાં મુસાફરી દરમિયાન અનુભવાતા અવાજ અને ધ્રુજારીથી હવે મુસાફરોને મુક્તિ મળશે.

LHB કોચમાં ઉચ્ચ કક્ષાની આધુનિક સસ્પેન્શન ટેકનોલોજીનો ઉપયોગ થાય છે, જેના લીધે પ્રવાસ દરમિયાન આંચકા કે ઝટકા ઓછા અનુભવાય છે અને લાંબા અંતરની સફર શાંત તેમજ અત્યંત સુગમ બને છે.

# નવરાત્રિ ડોમમાં વ્યક્તિદીઠ ૧ ચો.મી. જગ્યા અને ૨ ઈમરજન્સી એક્ઝિટ ફરજિયાત! અમદાવાદમાં કડક નિયમોની તૈયારી

અમદાવાદમાં નવરાત્રિ દરમિયાન ૬૦થી વધુ AC ડોમવાળા પાર્ટી પ્લોટ થવાની સંભાવના છે. AMC ફાયર વિભાગે ખેલૈયાઓની સુરક્ષા માટે ૩૦ મુદ્દાની કડક ફાયર સેફ્ટી ગાઈડલાઈન જાહેર કરી છે. આયોજકોએ પંડાલની ક્ષમતા મુજબ પ્રવેશ આપવો પડશે અને ૨ ઈમરજન્સી એક્ઝિટ રાખવા પડશે. માતાજીના દીવા પાસે રેતી અને તાલીમબદ્ધ સ્વયંસેવકો ફરજિયાત રહેશે.

અમદાવાદમાં આગામી નવરાત્રિ મહોત્સવ દરમિયાન એરકન્ડિશન્ડ ડોમ ધરાવતા પ્રીમિયમ અને મિડ-લેવલ પાર્ટી પ્લોટ્સની સંખ્યામાં ગત વર્ષના ૫૦ની સરખામણીએ આ વર્ષે ૬૦થી વધુનો નોંધપાત્ર વધારો થવાની શક્યતા ધ્યાને આવતાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ વિભાગ દ્વારા એક વિસ્તૃત જાહેરનામું તૈયાર કરવામાં આવ્યું છે, જે ટૂંક સમયમાં સત્તાવાર રીતે પ્રસિદ્ધ કરવામાં આવશે. શહેરમાં એસ.જી.



હાઈવે, સિંધુભવન રોડ અને એસપી રિંગ રોડ સહિતના વિસ્તારોમાં મોટા પાયે ક્લોઝ્ડ સ્ટ્રક્ચર (ડોમ) ઊભા કરવાની તૈયારીઓ શરૂ થતાં ખેલૈયાઓ અને નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા ફાયર વિભાગે પરમિશન, ઈમરજન્સી એક્ઝિટ અને ઈલેક્ટ્રિકલ વાયરિંગ અંગે કડક શરતો નક્કી કરી છે.

**૩૦ મુદ્દાની કડક ફાયર સેફ્ટી તૈયાર**

નવરાત્રિ મહોત્સવ દરમિયાન લાખો ખેલૈયાઓ અને નાગરિકોની જાહેર સલામતી જળવાઈ રહે અને આગ-અકસ્માતની કોઈ દુર્ઘટના ન સર્જાય તે હેતુથી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ વિભાગ દ્વારા તમામ ગરબા આયોજકો માટે ૩૦ મુદ્દાની કડક ફાયર સેફ્ટી તૈયાર કરી છે. જેને અંગે હવે આવનારા દિવસોમાં નોટિસ બહાર પાડવામાં આવી છે. ગાઈડલાઈન્સ મુજબ આયોજકોએ પંડાલની ક્ષમતા અનુસાર જ પ્રવેશ આપવાનો રહેશે, જેમાં વ્યક્તિદીઠ ઓછામાં ઓછી ૧ સ્ક્વેર મીટર જગ્યા ફાળવવી ફરજિયાત રહેશે. આ ઉપરાંત, પંડાલમાં પરસ્પર સામે દિશામાં ઓછામાં ઓછા બે 'ઈમરજન્સી એક્ઝિટ' રાખવા સહિતના કડક નિયમો તૈયાર કરવામાં આવ્યા છે.

**સ્ટેજ-પંડાલના પડદા-કાર્પેટ પર ફાયર રીટાર્ડન્ટ પેઈન્ટ કરાવવું પડશે**

ફાયર અધિકારીના જણાવ્યા મુજબ મંડપ, પંડાલ કે ટેમ્પરરી સ્ટેજ બનાવતી વખતે સ્કૂલ, હોસ્પિટલ અને જ્વલનશીલ પદાર્થોના ગોડાઉનથી પૂરતું અંતર રાખવું પડશે જેથી ફાયર ફાઈટર વાહનો સરળતાથી આવી શકે. ભઠ્ઠી, સબ સ્ટેશન, ટ્રાન્સફોર્મર કે હાઈટેન્શન-રેલવે લાઈન નીચે કે નજીક મંડપ બાંધી શકાશે નહીં અને સ્ટ્રક્ચર વચ્ચે ૨ મીટરથી ઓછું અંતર ન હોવું જોઈએ.

## ગુજરાત ભાજપ સંગઠનમાં મોટા ફેરફાર

# ૬ જિલ્લાના પ્રભારી અને ૧૧ કારોબારી સભ્યોની નિમણૂંક

## ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખદ્વારા સંગઠનને વધુ મજબૂત કરવાના હેતુથી વિવિધ સ્તરે મહત્વની નિમણૂકો કરાઈ

ગાંધીનગર,

ગુજરાત ભાજપ દ્વારા તાજેતરમાં જ સંગઠનને વધુ સુદ્રઢ અને સક્રિય બનાવવાના હેતુથી અગત્યની સંગઠનાત્મક નિમણૂકો કરવામાં આવી છે. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની આગેવાની હેઠળ ૬ જિલ્લા અને મહાનગરના નવનિયુક્ત પ્રભારીઓની જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે પ્રદેશ કારોબારી સમિતિમાં ૧૧ અનુભવી નેતાઓની નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત, પક્ષના કામકાજને ઝોન કક્ષાએ વધુ વેગવંતું બનાવવા માટે સેલ સંકુલ યોજના હેઠળ ચારેય ઝોનમાં સહ-પ્રભારીઓની પણ જાહેરાત કરાઈ છે. પ્રદેશ મહામંત્રી ડૉ. પ્રશાંત કોરાટ દ્વારા જાહેર કરવામાં આવેલી આ યાદી મુજબ તમામ હોદ્દેદારોની નિમણૂક તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવી છે.

**જિલ્લા/મહાનગરના નવનિયુક્ત પ્રભારીઓ**

**૬ જિલ્લા અને મહાનગરો માટે પ્રભારીઓની તાત્કાલિક અસરથી જવાબદારી સોંપવામાં આવી છે..**

| ક્રમ | જિલ્લો/મહાનગર | પ્રભારીનું નામ | નિવાસી જિલ્લો/ મહાનગર |
|---|---|---|---|
| ૧ | આણંદ | રાજેન્દ્રભાઈ ત્રિવેદી | વડોદરા શહેર |
| ૨ | નર્મદા | ડો. મુકેશભાઈ રાઠવા | છોટાઉદેપુર |
| ૩ | દાહોદ | શશિકાંતભાઈ પંડ્યા | બનાસકાંઠા |
| ૪ | ગીર સોમનાથ | શરદભાઈ લાખાણી | અમરેલી |
| ૫ | મહીસાગર | વિશાલભાઈ ભરવાડ | કર્ણાવતી |
| ૬ | ડાંગ | શિલ્પેશભાઈ દેસાઈ | વલસા |

અન્ય જવાબદારીઓ મળવાને કારણે ખાલી પડેલી જગ્યાઓ પર ૧૧ જેટલા અનુભવી નેતાઓની પ્રદેશ કારોબારી સભ્ય તરીકે નિમણૂક કરાઈ છે...

**પ્રદેશ કારોબારીના નવા સભ્યો**

- રાજેન્દ્રભાઈ ત્રિવેદી (વડોદરા શહેર)
- ડૉ. મુકેશભાઈ રાઠવા (છોટાઉદેપુર)
- શરદભાઈ લાખાણી (અમરેલી)
- કિશોરભાઈ ગાવિત (ડાંગ)
- મનીષભાઈ પટેલ (કર્ણાવતી)
- અરુણાબેન ચૌધરી (ગાંધીનગર જિલ્લો)
- શિલ્પેશભાઈ દેસાઈ (વલસાડ)
- વિશાલભાઈ ભરવાડ (કર્ણાવતી)
- નંદિતાબેન ઠાકુર (ખેડા)
- ડૉ. જાનકીબેન આચાર્ય (કર્ણાવતી)
- કનુભાઈ અરવિંદભાઈ પટેલ (મહેસાણા)

**સેલ સંકુલ યોજનાઃ ઝોન વાઈઝ સહ-પ્રભારીઓ**

પાર્ટીના કામકાજને વેગ આપવા માટે ચારેય ઝોનમાં સહ-પ્રભારીઓની જાહેરાત કરવામાં આવી છે:

ઝોન .......................... સહ-પ્રભારીનું નામ
દક્ષિણ ઝોન .................... રાજેશભાઈ દેસાઈ (સુરત શહેર)
મધ્ય ઝોન ..................... રજુભાઈ પટેલ - માસ્તર (કર્ણાવતી)
ઉત્તર ઝોન ..................... હાર્દિકસિંહ ડોડીયા (અમદાવાદ જિલ્લો)
સૌરાષ્ટ્ર ઝોન.................. જાનકીબેન આચાર્ય (કર્ણાવતી)

Published and Owned by **SATHWARA HITESH** and Printed by : **Hiteshbhai Panchal** and Printed at : **Shree Ganesh Offset,** A/6, Shubh Labh Estate, Near Mayur Soap Factory, Tavdipura, Dudheshwar, Ahmedabad-380004 and Published from 99 Mahadev Vas-2, Near Shark Market, Nava Badaj, Naranpura Bistar, Ahmedabad, Gujarat-380013. **EDITOR : SATHWARA HITESH**